સુવિચાર
મતભેદ પડે ત્યાં આપણા શબ્દો પાછા ખેંચી લેવા એ ડાહ્યા પુરૂષોની નિશાની છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૧૦/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ આસો સુદ-૧૫ વર્ષ : ૧૫ અંક : ૨૫૯



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.







### ધરતીથી લઈને આકાશ સુધી ધબધબાટી

# અમરેલીમાં આકાશની સાથે વીજપોલમાં પણ કડાકા–ભડાકા

### આમ આદમીની પરેશાનીનો કોઈ પાર નથી

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લામાં આકાશમાં તો વીજળીનાં કડાકા–ભડાકા થાય છે સાથે પીજીવીસીએલનાંવીજપોલમાંપણ કડાકા–ભડાકા થતાં સૌ ભયભિત બનીરહ્યાછે.

અમરેલીમાં ગુરૂકૃપા નગરમાં ભાજપ અગ્રણી દિનેશ પોપટનાં ઘર પાસે આવેલ વીજપોલમાં કડાકા–ભડાકા થતાં તેનો વિડીયો વાયરલ સોશ્યલ મીડિયામાંયોછે.

અત્રેએઉલ્લેખનીયછેકે, અમરેલીમાં સામાન્ય વરસાદ કે પવનમાં વીજળી હંમેશા ગુલ થતી હોય છે. પીજીવીસીએલ આધુનિક ટેકનોલોજીનાં યુગમાં પણ અવિરત વીજળી ગ્રાહકોનેઆપવામાંનિષ્ફળ સાબિતથયુંછે.



### અમરેલી જિલ્લામાં માર્ગો પર યમદૂતનાં આંટાફેરાથી પરેશાની

# રાજુલાનાં ચારનાળા નજીક કાર અને બાઈક વચ્ચે અકસ્માત થતાં ૨ વ્યકિતઓના કમકમાટીભર્યા મોત

### ૧૦૮, સ્થાનિક પોલીસ અને નાગરિકો ઘટના સ્થળે દોડી ગયા



અમરેલી, તા.૧૬

ભાવનગર-સોમનાથ હાઈવે પર ફોરવિલ અને મોટરસાયકલ વચ્ચે અકસ્માત સર્જાયો છે.

અકસ્માતમાં બે વ્યક્તિનાના મોત થયા છે. સમગ્ર ઘટનાને લઈને સ્થાનિક પોલીસ ઘટના સ્થળે પહોંચીને કાર્યવાહી હાથ ધરી.

રાજુલા નજીક ચાર નાળા પર બની અકસ્માતની ગંભીર ઘટના સર્જાઈ છે. જેમાં મોટરસાયકલ સવાર પુલ પરથી નીચે ૫૦ ફૂટ સર્વિસ રોડ પર પટકાતા બે ના મોત થયા. અકસ્માતની ઘટના સર્જાતા લોકોના ટોળે-ટોળા હાઈવે પર એકત્રિત થયા.

રાજુલા તેમજ નાગેશ્રીની ૧૦૮ મારફત બંનેને રાજુલા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા. જ્યારે સમગ્ર ઘટનાને લઈને સ્થાનિક પોલીસ ઘટના સ્થળ પર આવી પહોંચી હતી.























## અર્થતંત્રનાં વિકાસની ગુલબાંગો વચ્ચે વાસ્તવિકતા અતિ ભયજનક

# દેશમાં દર ૧૦મો વ્યકિત દારૂણ ગરીબીમાં જીવે છે

### ફાઈવ ટ્રિલીયન ઈકોનોમીનાં દાવાઓ વચ્ચે વર્લ્ડ બેન્કનો ચોંકાવનારો રીપોર્ટ

### દેશમાં ૫૦ ટકાથી વધુ નાગરિકો આજે મફતમાં અનાજ લેવા પણ મજબૂર બન્યા છે

### કાળઝાળ મોંઘવારી, બેફામ ભ્રષ્ટાચાર અને ખુલ્લેઆમ ભ્રષ્ટાચારનાં કારણે ગરીબી ઘટવાનું નામ લેતી નથી

### દેશનાં ૨૦ ટકા પરિવારોની જાહોજલાલી પાછળ ૮૦ ટકા પરિવારોની વ્યથાને ભુલાવી દેવામાં આવી રહી છે

અમરેલી, તા. ૧૬

ભારત દેશ આજે વિશ્વમાં સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે. દેશની જનતા જ સરપંચથી લઈને સાંસદ સુધીનાં જનપ્રતિનિધિઓને મતદાન ધ્વારા પસંદ કરે છે અને તેમનું પાંચ વર્ષનું ભાવિ સ્થાનિક જનપ્રતિનિધિ અને તેમનાં મારફત બનતી સરકારને સોંપતી હોય છે.

પરંતુ ચિંતાજનક બાબત એ છે કે મોટાભાગની સરકારો તેમનાં મતદાતાઓનું સર્વાંગી કલ્યાણ કરવામાં કાં તો ઉદાસીન છે કાં તો નિષ્ફળ સાબિત થતી હોય છે. આઝાદીનાં ૭૭ વર્ષ બાદ દેશમાં ૮૦ કરોડ ઉપરાંત નાગરિકોને મફતમાં ભોજન લેવું પડે અને દેશમાં ૧૩ કરોડ નાગરિકો દારૂણ ગરીબીમાં જીવન પસાર કરી રહ્યા હોય તમામ સરકાર માટે વર્લ્ડ બેન્કો રીપોર્ટ શરમજનક બનવો જોઈએ.

ભારતમાં દારૂણ ગરીબી હેઠળ જીવતા લોકોની સંખ્યા ૧૨.૯ કરોડ હોવાનું વિશ્વબેન્કનાં અહેવાલમાં જણાવાયું છે. આ આંકડો પણ દૈનિક ૧૮૦ રૂપિયા કમાવાના માપદંડ અનુસાર અપાયો છે અને એને લીધે ગીરીબ ઘટી હોવાનું દેખાય છે. જો ગરીબીનો વૈશ્વિક માપદંડ, ૫૭૫ રૂપિયા પ્રતિદિન કમાણી ધ્યાનમાં લેવામાં આવે તો ૯૯૦ની સરખામણીએ ૨૦૨૪માં વધુ લોકો ગરીબી રેખા નીચે જીવી રહ્યા છે. વિશ્વ બેન્કનાં તાજેતરના અહેવાલ મુજબ ભારતમાં ગરીબોની સંખ્યા ૧૮૦ રૂપિયા પ્રતિદિન કમાણીના માપદંડ મુજબ ઘટી છે. તે ૧૯૯૦માં ૪૩૧ મિલિયનથી ઘટીને ૨૦૨૪માં ૧૨૯ મિલિયન થઈ ગઈ છે.

વિશ્વ બેન્કે અગાઉ કહ્યું હતું કે, ૨૦૨૧માં ભારતમાં અત્યંત ગરીબ લોકોની સંખ્યા ૩.૮ કરોડ ઘટીને ૧૬.૭૪ કરોડ થઈ ગઈ છે. આ પહેલા પાછલા બે વર્ષમાં વધારો જોવા મળ્યો હતો. તાજેતરના અહેવાલમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ નવા ડેટાને ૨૦૨૨–૨૩ વર્ષ માટે જાહેર કરવામાં આવેલા ઘરગથ્થુ વપરાશ અને ખર્ચ સર્વેમાં ધ્યાનમાં લેવામાં આવશે નહીં. વર્લ્ડ બેન્કના આ રિપર્ટોમાં કહેવા આવ્યું છે કે આ નવા ડેટાને એચસીઈસીમાં ધ્યાનમાં લેવામાં આવ્યો નથી કારણ કે જરૂરી વિશ્વલેષણનું કામ સમયસર પૂર્ણ થઈ શકયું નથી. જો કે, એ સ્પષ્ટ નથી કે આ બે નવા આંકડાઓને સામેલ કરવાથી દુનિયામાં ગરીબીના આંકડામાં કેટલો ફરક પડશે, પરંતુ રિપોર્ટમાં કેટલાક નકકર તારણો આપવામાં આવ્યા છે. આફ્રિકાના સહારા પ્રદેશ અને અન્ય પછાત દેશોમાં અત્યંત ગીરીબીની સ્થિતિ વણસી છે. આ જોતા ૨૦૩૦ સુધીમાં અત્યંત ગરીબોને નાબૂદ કરવાનું લક્ષ્ય હાંસલ થાય તેમ લાગતું નથી.

વિશ્વમાં આત્યંતિક ગરીબીમાં ઘટાડો થવાનો દર અટકી ગયો છે. તે કહે છે કે ૨૦૨૦–૩૦ના દાયકાને ગરીબી ઘટાડવાના સંદર્ભમાં સફળ ગણી શકાય નહીં. અહેવાલમાં જણાવાયું છે કે વર્તમાન ગતિએ, વિશ્વમાં અત્યંત ગીરીબને નાબૂદ કરવામાં હજુ ઘણા દાયકાઓ લાગશે અને લોકોને ૬.૮૫ ડોલર પ્રતિ દિવસની આવક મેળવવામાં એક સદીથી વધુ સમય લાગશે.

### જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાંથી

## ચોરીના ગુન્હામાં ૧૪ વર્ષથી નાસતા–ફરતા આરોપીઓને ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધા

### રાજકોટનુ દંપત્તિ ૧૪ વર્ષ બાદ પોલીસને હાથ લાગ્યુ

અમરેલી, તા. ૧૬



અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામાં ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ. એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે જુનાગઢ જિલ્લાના મેંદરડા પોલીસ સ્ટેશન ઈ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ તથા ગીર સોમનાથ જિલ્લાના તલાલા પોલીસ સ્ટેશનના ઈ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ ના આરોપીઓ વલ્લભભાઈ મનજીભાઈ કાવઠીયા તથા શોભાબેન વલ્લભભાઈ મનજીભાઈ કાવઠીયા (રહે. બંને કોઠારીયા, લાપાસણી ચોક, વેલનાથપરા, રણુજામંદિરની પાસે, રાજકોટ) વાળા કાયદેસરની ધરપકડ ટાળવા માટે છેલ્લા ૧૪ વર્ષથી નાસતા ફરતા હોય, મજકુર લીસ્ટેડ આરોપીઓને ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે પકડી પાડવામાં સફળતા મળેલ છે.

## સાવરકુંડલાના બગોયા ગામના ખેડુત ઉપર આભમાંથી આફત વરસી

સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલાના બગોયા ગામના ખેડૂત ઉપર ઉતરતા ચોમાસે આજે સાંજના આભમાંથી આફત વરસી હતી આ અંગે જાણવા મળતી વિગતો મુજબ બગોયા ગામના ખેડૂત મધુભાઈ પોલાભાઈ ચાંદુની માલિકીના ભેંશ નું ખાંડુ લઈ મુન્નાભાઈ અને લાલુભાઈ આંબરડી અને બગીયા ની સીમમાં આવેલી ધાર ઉપર ચરાવવા ગયેલા જયાં સાંજના ૬ વાગ્યાના સુમારે આકાશમાંથી ધીમીધારે વરસાદ વરસવો શરૂ થયો હતો અને સાથે એકાએક ઊભી વીજળી ચરી રહેલી ભેસો તરફ ધસી આવતા એક ભેંસનું સ્થળ પર જ કઢણ મૃત્યુ થયું હતું જયારે વીજળીના ચમકારાથી ભડકીને અન્ય ભેંશો નાસભાગ કરવા લાગતા બચી જવા પામી હતી મરણ ગયેલ ભેસ નું રાજુલા એનિમલ હોસ્પિટલમાં પીએમ કરવામાં આવ્યું હતુ વીજળી પડતા ખેડૂત મધુભાઈ ચાંદુની એકાદ લાખ રૂપિયાની કિંમતની ભેંશનો ભોગ લેવાઈ જતા ખેડૂત પરિવાર માથે આભ તૂટી પડયું હતું.

### રાજય અને કેન્દ્ર સરકાર ખેડૂતોની આર્થિક મદદ કરે તેવી માંગ

## વડિયા પંથકમાં ભારે વરસાદથી ખેતીપાકોની વ્યાપક નુકસાન જગતનો તાત ગણાતાં ખેડૂતોમાં નિરાશનો માહોલ

### સરકાર આફતનાં સમયમાં મદદ નહી કરે તો ખેડૂતોની મુશ્કેલીઓ વધશે





તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૧૬

સમગ્ર રાજયમાં આ ચોમાસમાં રોજ વરસતો વરસાદ જગતાતની મુશ્કેલીઓમાં સતત વધારો કરતો જાય છે. ત્યારે સૌરાષ્ટ્ર સહીત અમરેલી જિલ્લા માં મેઘરાજા આ ચોમાસમાં પણ મન મૂકીને વરસતા જોવા મળી રહ્યા છે ત્યારે અમરેલી જિલ્લા ના છેવાડાના ગ્રામીણ તાલુકા એવા વડિયા અને તેના આસપાસ ના ગ્રામીણ વિસ્તારમાં એકઆંતરા વરસતા વરસાદે જગતાતની ચિંતામાં વધારો કર્યો છે. હાલ છેલ્લા દસ દિવસથી વડિયા અને તેના ગ્રામીણ વિસ્તાર એવા દેવલકી, સનાળી, બાટવા દેવળી, હનુમાન ખીજડીયા, ઢૂંઢિયા પીપળીયા, મોરવાડા, ખડખડ, ખાનખીજડીયા, રામપુર, તોરી, અરજણસુખ સહિત અન્યના ગામોમાં બપોર બાદ વરસતા વરસાદ થી ખેતી આધારિત આ તાલુકામાં ખેતીની મૌસમ શરૂ થતા મગફળી ખેડૂતો એ ઉપાડી હોવાથી પથરા રોજ કયાંક પાણીના વહેણ માં તણાતા, તો કયાંક વરસાદી પાણી ભરાતા તરતા પાથરા, તો કયાંક પલળતા પાથરા જોવા મળી રહ્યા છે સાથે કપાસમાં આવેલો નવો ફાલ પણ ખરી રહ્યો છે ત્યારે ખેડૂતોને પારાવાર નુકશાની થઈ રહી છે. ત્યારે જગતાત ગણાતા ખેડૂતને મુખ્ય મેસમ નો પાક તૈયાર થઈ ગયો અને હાલ મોઢે આવેલો કોળિયો છીનવાતો જોવા મળી રહ્યો છે. ત્યારે હાલ જગતાતની ચિંતા વધતા સમગ્ર તાલુકામાં થયેલી નુકશાનીનો સર્વે કરાવીને તાત્કાલિક સહાય જાહેર કરવા ખેડૂતો માંગણી કરી રહ્યા છે. જોકે આ બાબતે અમરેલી કુંકાવાવ વડિયા ના જાગૃત ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા દ્વારા પણ સરકારને લેખિતમાં આ બાબતે રજુઆત કરવામાં આવી છે. ત્યારે સરકારે વહેલી તકે આ પ્રકિયા શરૂ કરી નુકશાનીની સહાય ચૂકવે તેવી લોકમાંગણી પણ જોવા મળી રહીછે.

### પાલિકાનાં શાસકો માત્ર કાગળ પર કરે સફાઈ

## જાફરાબાદમાં ''સ્વચ્છતા હી સેવા''નાં માહોલમાં ઠેકઠેકાણે ગંદકીનો માહોલ

### ફોટોસેશન કરીને ઉચ્ચ અધિકારીઓને ગેરમાર્ગે આવી રહ્યા છે

જાફરાબાદ, તા. ૧૬



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદના સામાકાંઠા તલાવડી વિસ્તારનો મુખ્ય રોડ ઉપર ઘણા સમયથી તળાવ જેમા પાણી ભરેલા હોવાથી નાગરિકો હેરાન પરેશાન થઈ રહયા છે અહીં હજારોની સંખ્યા લોકોની અવર–જવર હોય પરંતુ રોડ વચ્ચે ઘણા સમયથી પાણી ભરેલું હોવાથી મહિલાઓ વિધાર્થીઓ નાના ભૂલકાઓ આ ગંધાતા અને દુર્ગંધ મારતું પાણી માંથી ચાલવા મજબુર બન્યા છે. પરંતુ પાલિકા ના જવાબદાર લોકોના ધ્યાન ઉપર આવતું નથી અહીં નર્કાગાર જેવી સ્થિતિ સર્જાઈ રહી હોવા છતાં પાલિકા ના બે જવાબદાર લોકો ના લીધે અહીંના નાગરિકો હેરાન પરેશાન છે. પાલિકા સ્વચ્છતા હી સેવા અભિયાન ચલાવી ફોટાસેશન કરી ઉચ્ચ અધિકારીઓને ઉંધુ દેખાડી રહ્યા છે. પરંતુ અહીં જ બાજુમાં ખડકાયેલા ઉકરડો તથા બાલકૃષ્ણ સોસાયટી બાજુમાં આવેલ ભૂતડાદાદાના મંદિર બાજુમાં ખદબદતી ગંદકી પણ પાલિકા દ્વારા ઉપાડવામાં આવતી નથી આ તમામ ગંદકીના કારણે માખીઓ તથા મચ્છર નો ઉપદ્રવ વધી ગયો હોય અને મેલેરીયા, ચિકનગુનિયા, ડેંગ્યૂ જેવી બીમારી ના ફેલાય તે પહેલાં કુંભકર્ણની નિદ્રામાં સુતેલી પાલિકા ધ્યાન ઉપર લઈ આ ખદબદતા ઉકરડા તથા રોડ ઉપર ભરાયેલા તળાવને અને અહીં ખદબદતી ગંદકી દૂર કરે કે પછી મોટી બીમારી ઉત્પન્ન થાય તેની રાહ જોઈ રહી છે પાલિકા? સામાકાંઠા ના નાગરિકો દરેક સ્તરે ટેકસ ભરવા છતાં પાલિકા દ્વારા ઓરમાયું વર્તન અપનાવવામાં આવી રહ્યું હોય તેવું લોકો દ્વારા ચર્ચાઓ થઈ રહી છે. હાલમાં ગંદકી અને ગંદવાડો ખદબદી રહ્યો હોય પરંતુ વહીવટી તંત્ર ધ્યાન ઉપર લઈ સામાકાંઠાની ખદબદતી ગંદકી વહેલી તકે ઉપાડવામાં આવે અને ખરા અર્થમાં સ્વચ્છતા અભિયાન ચાલુ કરવામાં આવે તેવી લોકોમાંથી માંગ ઉઠી છે.

### અમરેલી જિલ્લામાં રેતી ચોરો બેખૌફ બનીને ફરી રહયા છે

## ધારીનાં હિમખીમડીપરા, કમી કેરાળા ગામેથી રેતી ચોરી કરનાર ડમ્પર અને ટ્રેકટરને ઝડપી લેવાયા

### અલગ–અલગ ૩ સ્થળોએથી ૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો





અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં અનેક સ્થળોએ ખનિજ ચોરીની ચર્ચાઓ ચાલી રહી છે. ત્યારે ધારી મામલતદારને ધારી પંથક રેતી અંગેની બાતમી મળતાં અલગ અલગ ત્રણ સ્થળોએ ત્રાટકી ૪ ટ્રેકટર તથા ડમ્પર સાથે ૬૦ લાખનો મુદ્દામાલ સીઝ કરી દેતા ખનિજ ચોરોમાં વ્યાપક ફફડાટ ફેલાયો છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ ધારી મામલતદારને ધારી પંથક રેતી અંગેની બાતમી મળતાં અલગ અલગ ત્રણ ટીમ બનાવી ખાણ ખનિજ વિભાગની કામગીરી આદરી હતી. જેમાં ધારી તાલુકાના ધારીના ડાંગાવદર ગામે ૩ ટ્રેકટરો ઝડપી પાડયા હતાં. જયારે ધારી નજીક હિમખીમડીપરા ખાતેથી ૧ ડમ્પર ઝડપી પાડ્યું હતું. જયારે ધારી તાલુકાના કમી કેરાળા ગામેથી રેતી ભરેલું ૧ ટ્રેકટર ઝડપી પાડ્યું હતું. આમ ધારી મામલતદાર સહિત અધિકારીઓએ ખનિજ ચોરી કરતાં શખ્સો સામે લાલ આંખ કરી ત્રણ સ્થળોએ ત્રાટકી ૪ ટ્રેકટર તથા ડમ્પર મળી રૂપિયા ૬૦ લાખનો મુદ્દામાલ સીઝ કરી દેતા ખનિજ ચોરોમાં વ્યાપક ફફડાટ ફેલાયો છે.

### તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીની માંગ

## અમરેલી તાલુકામાં ખેતી પાકોને વ્યાપક નુકસાન થયું હોય સર્વે કરો

### મુખ્યમંત્રીને પત્ર પાઠવીને રજુઆત કરાઈ

અમરેલી, તા. ૧૬

અમરેલી તાલુકામાં ચાલુ વર્ષે ચોમાસાની સીઝનમાં જરૂરીયાત કરતાં વધુ વરસાદ પડવાથી ખેડૂતોને ખૂબ જ મોટા પ્રમાણમાં પાક નુકસાની વેઠવાનો વારો આવ્યો છે, અને છેલ્લે બાકી હતુ તો નવરાત્રીના અંતમાં વરસાદ પડવાથી ખેડૂતોનો તૈયાર થયેલ પાક સદંતર નિષ્ફળ ગયો છે, ગુજરાત રાજય અને ભારત દેશના અર્થતંત્રને મજબૂત કરવામાં ખેતીનો મહત્વનો ફાળો રહેલો છે, અને ભારત જેવા ખેતીપ્રધાન દેશમાં જયારે ખેડૂતો ઉપર કુદરતી આફત આવે ત્યારે આ આફતમાંથી ખેડૂતોને બેઠા કરવા માટે આર્થિક રીતે મદદરૂપ થવાની જવાબદારી સરકારની બને છે, માટે અમરેલી તાલુકાનાં ખેડૂતોને અતિવૃષ્ટિથી થયેલ પાક નુકસાનીનો તાત્કાલિક સર્વે કરાવીને તેનું વળતર ખેડૂતોને દિવાળી પહેલા તેના બેંક ખાતામાં જમા કરવા માટે અંતમાં માંગ કરેલ છે.

## આગામી ૩૧ ઓક્ટોબર સરદાર પટેલ જન્મજયંતીએ ભવ્યાતીભવ્ય કાર્યક્રમ

# અરે વાહ : ચમારડી ગામનું પાદર બન્યું સ્ટેચ્યુ ઓફ યુનિટી

**મહાત્મા ગાંધી, ડો. બાબાસાહેબ, સુભાષચંદ્ર બોઝ, વીર માંધાતા સિંહ, શ્રી કૃષ્ણકુમારસિંહ, શહીદ ભગતસિંહ સહિતનાં મહાનુભાવોની પ્રતિમાઓનું અનાવરણ ભામાશા ગોપાલભાઈ વસ્તરપરા અને સમસ્ત ગામજનો દ્વારા કરાશે**

**ગાગર જેવા ગામે સાગર જેવડા ભવ્ય કાર્યક્રમ સાધુ, સંતો, મહંતો તેમજ રાજકીય અને સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાઈ રહ્યો હોય તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે**



અમરેલી, તા. ૧૬
બાબરાના ચમારડી ગામનાં ગરીબોના અડધી રાતનો હોંકારો એવા ગોપાલભાઈ વસ્તરપરાના ઉમદા કાર્યોથી આજે ચમારડી ગામના પાદરની રોનક ફેરવી નાખી છે. સમગ્ર ભારતભૂમિને જોડનાર એવા દેશભક્ત સરદાર વલ્લભભાઈ પટેલની યાદોને આજના સમયમાં યુવા પેઢીને ઊજાગર કરી યુવાનોમાં સરદાર સાહેબની લોખંડી વિચારધારાનું અનુકરણ કરવાના શુભ આશય સાથે બાબરા તાલુકાના ચમારડી ખાતે પનોતાં પુત્ર વીર ભામાશા ગોપાલભાઈ વસ્તરપરાના માર્ગદર્શન હેઠળ આગામી તા. ૩૧ ઓકટોબર સરદાર પટેલ સાહેબની ૧૪૯ મી જન્મ જયંતી નિમિત્તે ચમારડી ગામનું પાદર સ્ટેચ્યુ ઓફ યુનિટી બનવા જઈ રહ્યું છે. આજે ગોપાલભાઈ સહિત મોટી સંખ્યામાં ગામલોકો વિશાળ કદની પ્રતિમાં સ્થાપિત કરવાની હાલ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે જેને લઈને સમસ્ત ચમારડી ગ્રામજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આગામી તા. ૨૫/૧૦ના રોજ આખા ચમારડી ગામમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે.

### યુવકનાં પિતાએ જમીન ખરીદતા માથાકૂટ

## ખાંભાનાં કોટડા ગામે વાવડી ગામનાં યુવક ઉપર ૩ ઈસમોએ કર્યો હુમલો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧૬
ધારી તાલુકાના રામવાળાની વાવડી ગામે રહેતા જનકભાઈ કનુભાઈ વાળા નામના યુવકના પિતાએ આજથી આશરે બે મહિના પહેલા ખાંભા તાલુકા કોટડા ગામના રહીશ જીગ્નેશભાઈ મનુભાઈ ભાલુ, નિલેશભાઈ મનુભાઈ ભાલુ તથા ભાવનાબેન મનુભાઈ ભાલુના નામે ચાલી આવતી સયુંકત ખેતીની કુલ-૯ વિઘા જમીન જેના ખાતા નં. ૪૭૭ જેનો સર્વે નં. ૧૦૯ પૈકી-૨ ની વેચાણ દસ્તાવેજની ખરીદ કરેલ હતી. જે જમીનમાં ગતતા. ૧૩ના રોજ ૧૧ વાગ્યે જનકભાઈ વાળા આંટો મારવા ગયેલ. ત્યારે ખાંભા તાલુકાનાં કોટડા ગામે રહેતા પ્રતાપભાઈ ગભરૂભાઈ વાળા, ભરતભાઈ ગભરૂભાઈ વાળા તથા ગભરૂભાઈ ડોસલભાઈ વાળા નામનાં ત્રણેય આરોપીઓએ યુવકની જમીનમાં ગેરકાયદે પ્રવેશ કરી આ જમીન નહીં રાખવા બાબતે યુવક સાથે માથાકૂટ કરી જેમ ફાવે તેમ ગાળો આપી આરોપીએ તેમના નેફામાંથી તમંચો બંદુક કાઢી યુવકને બતાવી ગાળો આપી ત્રણેય તેમની પાસે રહેલ લાકડાના ધોકા તથા લોખંડની પાઈપ વડે યુવકના બન્ને પગે તથા બન્ને હાથે આડેધડ તેના ઘા મારી ફેકચર કરી એન્ડ્રોઈડ મોબાઈલ ફોન લાકડાનો ધોકો મારી તોડી નાખી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની યુવકે ફરિયાદ નોંધાવી છે.


ખુબ ખુબ અભિનંદન સહ
હાર્દિક શુભેચ્છાઓ
શ્રી હસુભાઈ એન. પોપટ
ચેરમેનશ્રી : નાગરીક બેંક - બાબરા
બાબરા લોહાણા સમાજનાં ગૌરવ અમારા પરમ મિત્ર, મોટાભાઈ સમાન "શ્રી હસુભાઈ નંદલાલભાઈ પોપટ" ની બાબરાની અતિ મહત્વની એવી નાગરીક સહકારી બેંક લિ.માં બીનહરીફ ચેરમેન તરીકે વરણી થતાં અમો હર્ષની લાગણી સાથે ગૌરવ અનુભવી રહ્યાં છીએ... આપ સહકારી ક્ષેત્રે ખુબ પ્રગતિ કરો એ જ મંગળ કામનાઓ સાથે ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ....
: શુભેચ્છક :
વિપુલભાઈ જયંતીભાઈ ત્રિવેદી
જયેશભાઈ પુનાભાઈ જીંજરીયા
મુ. બાબરા, જિ. અમરેલી

વેચવાની છે
સેવરોલેટ એન્જોય મોડલ-૨૦૧૩ (૮-સીટર) ટીપટોપ કન્ડીશન, ફુલ વિમો, ચાર નવા ટાયર, કમ્પલીટ ગાડી, મોટા ફેમીલી માટે અથવા ભાડામાં ચાલે તેવી ગાડી તાત્કાલીક વેચવાની છે.
સંપર્ક કરો મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૫૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

હોલસેલ ભાવે ટી-શર્ટ... ટી-શર્ટ...
બ્રાન્ડ ન્યુ વેરાઈટીઝમાં હોલસેલ ભાવમાં ટીશર્ટનો અઘધધ.... ખજાનો......
રીટેલર રેડીમેઈડ દુકાન ધારકો, ટીશર્ટના વેપારીઓ માટે અમારે ત્યાંથી કપલ ટીશર્ટ, ફેમિલી ટીશર્ટ, ગ્રુપ મેચીંગ ટીશર્ટ, પ્રિન્ટેડ ટીશર્ટ....
નોંધ: બદલાની સવલત પણ આપવામાં આવશે
હોલસેલ..... હોલસેલ......
ફક્ત વેપારીઓ જ સંપર્ક કરે...
સંપર્ક : ૯૯૭૮૮ ૭૯૬૭૮

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે. નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મકાન વેચવાનું છે
૪- બેડરૂમ, હોલ, કીચન, ફિકસફર્નીચર, કાર પાર્કિંગ, ફળીયું, કલર-પી.ઓ.પી. કરેલ, એક વસા જગ્યામાં, સંપુર્ણ સગવડતાવાળુ બંગલા ટાઈટલનું મકાન વેચવાનું છે.
ચિતલ રોડ, તપોવન પાર્ક
સંપર્ક : ૮૨૦૦૬ ૩૮૬૨૪

હોન્ડા સાથે તહેવારોનો ઉત્સવ
માત્ર ₹999/- ભરીને લઈ જાઓ આપનું મનપસંદ Shine 100
HONDA
80+ AVERAGE દમદાર માઈલેજ | શાનદાર સ્ટાઈલ મજેદાર કમ્ફર્ટ | વ્યાજબી ભાવ
ફ્રી હેલ્મેટ
₹64900
ઓછો વ્યાજદર 9.50%
મહત્તમ લોન 95%
Shine 100
ડોક્યુમેન્ટ્સ • આધાર કાર્ડ • પાન કાર્ડ • બેન્ક પાસબુક • પાસપોર્ટ સાઇઝ ફોટા • ચેક • લાઇટબિલ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

Hero
go BIG go XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero

Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

॥ વંદે માતરમ્ ॥
YAMAHA જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA
Make an Impression fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR It's fascino yaar
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

### લાખો કેન્દ્રિય કર્મચારીઓને દિવાળીની ભેટ

# કેન્દ્રિય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરાયો

## કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારાને મંજૂરી આપવામાં આવી હતી : કોસ્ટલ શિપિંગ બિલ ૨૦૨૪ને પણ મંજૂરી મળી

નવી દિલ્હી, તા.૧૬

કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓને દિવાળીની મોટી ભેટ મળી હતી. સૂત્રના મતે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભથ્થામાં વધારાને મંજૂરી આપી છે. કોસ્ટલ શિપિંગ બિલ ૨૦૨૪ને પણ મંજૂરી મળી હતી. ૨૦૨૫-૨૬ માટે રવિ પાક માટેની MSPને મંજૂરી અપાઈ છે.કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓને દિવાળીની મોટી ભેટ મળી હતી. સૂત્રના મતે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભથ્થામાં વધારાને મંજૂરી આપી છે. કોસ્ટલ શિપિંગ બિલ ૨૦૨૪ને પણ મંજૂરી મળી હતી. ૨૦૨૫-૨૬ માટે રવિ પાક માટેની MSPને મંજૂરી અપાઈ છે.

ધનતેરસ અને દિવાળીના તહેવાર પહેલા જ મોદી સરકારે દેશના કરોડો કર્મચારીઓને ભેટ આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટે બુધવારે ડીએ જાહેર કરવાના નિર્ણયને મંજૂરી આપી હતી. જો કે કેન્દ્રીય કેબિનેટે આ નિર્ણય કેન્દ્રીય કર્મચારીઓ માટે લીધો છે, પરંતુ કેન્દ્ર તરફથી લીલી ઝંડી મળતાની સાથે જ દેશના તમામ રાજ્યોમાં પણ ડીએ વધારાની જાહેરાત કરવામાં આવશે. ડીએમાં ૩ ટકાનો વધારો કરવાની સાથે કેન્દ્રીય કેબિનેટે કર્મચારીઓને ત્રણ મહિનાનું એરિયર્સ આપવાની પણ જાહેરાત કરી છે.

નોંધનીય છે કે કેન્દ્ર સરકાર દર વર્ષે જાન્યુઆરી અને જૂલાઈમાં કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (DA)માં વધારો કરે છે. આ વર્ષે એટલે કે ૨૦૨૪માં પણ જાન્યુઆરીમાં ડીએમાં ૪ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો, જ્યારે જૂલાઈ માટે ડીએ વધારવાનો નિર્ણય આજે મળેલી બેઠકમાં લેવામાં આવ્યો હતો. આ જ કારણ છે કે મોંઘવારી ભથ્થામાં આ ૩ ટકાનો વધારો જૂલાઈથી જ લાગુ ગણવામાં આવશે. આ પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવે તો જુલાઇ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનાનું એરિયર્સ પણ કર્મચારીઓને આપવામાં આવશે. નોંધનીય છે કે કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું તેમના મૂળ પગારના આધારે નક્કી કરવામાં આવે છે. ધારો કે જો કોઈ કર્મચારીનો બેસિક પગાર ૪૦ હજાર રૂપિયા છે અને તેના ડીએમાં ૩ ટકાનો વધારો કરવામાં આવે છે તો તેના પગારમાં ૧,૨૦૦ રૂપિયાનો વધારો થશે. આ રીતે જો બેસિક પગાર, મોંઘવારી ભથ્થું અને હાઉસિંગ ભથ્થું એટલે કે ઉઁઈછ ઉમેરતા પહેલા તેમનો પગાર ૬૦ હજાર રૂપિયા હતો તો હવે તે ૬૦,૧૨૦૦ રૂપિયા થઈ જશે.

જો ડીએમાં વધારો જૂલાઈથી જ લાગુ માનવામાં આવશે તો ઓક્ટોબર સહિત તે કુલ ૪ મહિનાનો હશે. આ રીતે, ઓક્ટોબરમાં કર્મચારીઓને અત્યાર સુધીમાં મળી રહેલા કુલ પગારમાંથી લગભગ ૪૮૦૦ રૂપિયાનો વધારો મળશે. આ ગણતરી એવા કર્મચારી પર કરવામાં આવી છે જેમની બેસિક સેલેરી ૪૦ હજાર રૂપિયા છે અને તેના ખાતામાં પગાર ૬૦ હજાર રૂપિયા આવશે. જો આવા કર્મચારીઓને ઓક્ટોબરમાં ૪ મહિનાનો ઢછ મળે છે, તો તેમના ખાતામાં કુલ પગાર ૬૪,૮૦૦ રૂપિયા થશે.

### કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય!

# વીઆઈપીની સુરક્ષા NSG કમાન્ડો હવે નહીં સંભાળે

## NSG કમાન્ડોને હટાવી લેવાશે અને તેમનો ઉપયોગ માત્ર આતંકવાદ વિરોધી અભિયાનો માટે કરવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૬

કેન્દ્ર સરકારે આદેશ આપ્યો છે કે તમામ વીઆઈપી સિક્યોરિટી ડ્યૂટીથી NSG કમાન્ડોને હટાવી લેવામાં આવે કેમ કે તેમનો ઉપયોગ માત્ર આતંકવાદ વિરોધી અભિયાનો માટે કરવામાં આવશે. જે વીઆઈપી લોકોને ખૂબ વધુ જોખમ છે, તેમની સિક્યોરિટીની કમાન હવે CRPF ના હવાલે હશે. આગામી મહિનાથી આદેશ લાગુ થઈ જશે.

સંસદની સુરક્ષાથી સેવામુક્ત થયેલા CRPF જવાનોને સ્પેશિયલ ટ્રેનિંગ આપીને તેમને સીઆરપીએફ વીઆઈપી સિક્યોરિટી વિંગમાં મોકલવામાં આવ્યા છે. આ માટે નવી બટાલિયન બનાવવામાં આવી છે. હવે આ જવાન વીઆઈપીની સુરક્ષા કરશે. અત્યારે ૯ ઝેડ-પ્લસ કેટેગરીના વીઆઈપી છે, જેની સિક્યોરિટી દ્વજીર ના બ્લેક કેટ કમાન્ડો કરે છે.
યુપીના સીએમ યોગી આદિત્યનાથ, બસપા સુપ્રીમો માયાવતી, કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, પૂર્વ નાયબ-વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી, કેન્દ્રીય શિપિંગ મંત્રી સર્બાનંદ સોનોવાલ, છત્તીસગઢના પૂર્વ સીએમ રમન સિંહ, જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ગુલામ નબી આઝાદ, એનસી નેતા ફારુક અબ્દુલ્લાહ, આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ. હવે આમની પાસેથી એનએસજી કમાન્ડો હટી જશે. સીઆરપીએફ સિક્યોરિટી વિંગ કમાન સંભાળશે.
સીઆરપીએફની પાસે પહેલેથી છ વીઆઈપી સિક્યોરિટી બટાલિયન હાજર છે. નવી બટાલિયનની સાથે આ સાત થઈ જશે. નવી બટાલિયન થોડા મહિના સુધી સંસદની સુરક્ષામાં હતી. હવે આ કાર્ય CISFને સોંપવામાં આવ્યુ છે.

NSG સિક્યોરિટી વાળા ૯ વીઆઈપીમાંથી બે એટલે કે રાજનાથ સિંહ અને યોગી આદિત્યનાથની પાસે એડવાન્સ્ડ સિક્યોરિટી લાઈસન (ASL) પ્રોટોકોલ છે. જેને હવે સીઆરપીએફે ટેકઓવર કરી લીધું છે. ASL એટલે કે કોઈ વીઆઈપીના કોઈ સ્થળે પહોંચ્યા પહેલા તે સ્થળની તપાસ, સિક્યોરિટી તપાસ, લોકેશન વગેરેની સુરક્ષા તપાસવામાં આવે છે. સીઆરપીએફ હવે આ તમામ કાર્ય આ બંને નેતાઓ માટે કરશે. આ પહેલા સીઆરપીએફ અત્યાર સુધી છજીન્ નું કાર્ય ગૃહમંત્રી અમિત શાહ, પૂર્વ પીએમ મનમોહન સિંહ અને ગાંધી પરિવારના ત્રણેય સભ્ય માટે કરતી હતી.

દેશમાં સતત થઈ રહેલા આતંકી હુમલાની વચ્ચે વીઆઈપીની સિક્યોરિટી તણાવનો વિષય છે. દરમિયાન જરૂરિયાત બંને તરફ હતી. ખૂબ વિચાર કર્યા બાદ સીઆરપીએફના સિક્યોરિટી વિંગને વીઆઈપી સુરક્ષામાં તહેનાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. ખાસ ટ્રેનિંગ આપવામાં આવી. દ્વજીર ને હવે આતંકવાદ વિરોધી મિશનમાં જ તહેનાત કરવામાં આવશે.
સરકારની યોજના છે કે એનએસજી કમાન્ડોમાંથી પસંદ કરાયેલા જવાનોની ખાસ એલીટ ફોર્સ બનાવવામાં આવશે. જેને સ્ટ્રાઈક ટીમ કહેવામાં આવશે. જેથી હાઈ-રિસ્ક એરિયાની સિક્યોરિટી કે આતંકી હુમલાનો જવાબ આપવા લાયક ટીમ બની શકે. આ ટીમ અયોધ્યાના રામ મંદિર સહિત દેશના તમામ મહત્વપૂર્ણ ઈમારતોની સુરક્ષા પણ કરશે. એનએસજીને બે દાયકા પહેલા વીઆઈપી સિક્યોરિટીમાં લગાવવામાં આવી હતી.

### ખેડૂતોની સુધરી દિવાળી

# ઘઉં-સરસવ સહિત અનેક પાક પર MSP વધારવાનો નિર્ણય

## ઘઉંના પાકના ભાવમાં ૧૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ અને સરસવના પાકમાં ૩૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો

નવી દિલ્હી,તા.૧૬

બુધવારે મળેલી મોદી કેબિનેટની બેઠકમાં ઘણી મોટી જાહેરાતો કરવામાં આવી હતી. એક તરફ કેન્દ્રીય કર્મચારીઓને ૩ ટકા ડીએ વધારાની ભેટ આપવામાં આવી છે તો બીજી તરફ સરકારે પણ ખેડૂતોને દિવાળીની મોટી ભેટ આપી છે.

વાસ્તવમાં, કેન્દ્ર દ્વારા રવિ સિઝનના પાકના લઘુત્તમ ટેકાના ભાવ (MSP)માં વધારો કરવામાં આવ્યો છે. જેમાં ઘઉંના પાકના ભાવમાં ૧૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ અને સરસવના પાકમાં ૩૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવામાં આવ્યો છે.

કેબિનેટની બેઠકમાં રવિ પાકની MSP વધારવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે, જે ખેડૂતો માટે દિવાળીની મોટી ભેટ છે. અહેવાલ મુજબ, સરકારે માર્કેટિંગ સીઝન ૨૦૨૫-૨૬ માટે રવિ પાક માટે નવી લઘુત્તમ સમર્થન કિંમત (MSP) નક્કી કરી છે. આ અંતર્ગત ઘઉંની MSP ૧૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ વધારીને ૨,૪૨૫ રૂપિયા કરવામાં આવી છે, જે અત્યાર સુધી ૨,૨૭૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ હતી. સરસવ પર MSP ૩૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ૫,૬૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધારીને ૫,૯૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવી છે. એ જ રીતે, ચણાના MSPમાં ૨૧૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તેની નવી MSP ૫,૬૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ છે, જે પહેલા ૫૪૪૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ હતી.આ સિવાય મસૂર પર એમએસપી ૨૭૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ૬,૪૨૫ રૂપિયાથી વધારીને ૬,૭૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવી છે. કુસુમના ભાવમાં રૂ. ૧૪૦નો વધારો કરીને રૂ. ૫,૮૦૦ થી રૂ. ૫,૯૪૦ કરવામાં આવ્યા છે.

MSP એ લઘુત્તમ ટેકાના ભાવ છે જે સરકાર ખેડૂતોને તેમના પાક માટે સુનિશ્ચિત કરે છે. જો આપણે સાદા શબ્દોમાં સમજીએ તો આ તે ભાવ છે જેના પર સરકાર ખેડૂતો પાસેથી પાક ખરીદે છે. તેનો ઉદ્દેશ્ય પાકના ભાવમાં થતી વધઘટને કારણે ખેડૂતોને નુકસાનથી બચાવવાનો છે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે મોદી કેબિનેટમાં લેવાયેલા નિર્ણયોની માહિતી આપવાની સાથે પંજાબ-હરિયાણા બોર્ડર પર બેઠેલા ખેડૂતોનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે અમે ખેડૂતોના કલ્યાણ માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છીએ અને અમે ઘણા નિર્ણયો લીધા છે જેનાથી ખેડૂતોને ફાયદો થશે. મને આશા છે કે અમારી સરકારે ખેડૂતો માટે શું કર્યું છે તે ધ્યાનમાં લઈને તેઓ નિર્ણય લેશે.

### અમિત શાહની હાજરીમાં જાહેરાત

# હરિયાણાના મુખ્યમંત્રીપદ માટે નાયબ સિંહ સૈનીના નામની જાહેરાત

## નાયબ સિંહ સૈની પંચકુલામાં મુખ્યમંત્રી પદના શપથ લેશે

હરિયાણા,તા.૧૬

નાયબ સિંહ સૈની હરિયાણાના નવા મુખ્યમંત્રી બનશે. ભારતીય જનતા પાર્ટીની આજે બુધવારે યોજયેલી ધારાસભ્ય દળની બેઠકમાં નાયબ સિંહ સૈનીને વિધાયક દળના નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેઓ હવે રાજ્યપાલને મળશે અને સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે. નાયબ સિંહ સૈની આજે પંચકુલામાં મુખ્યમંત્રી પદના શપથ લેશે.આ પહેલા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની હાજરીમાં મળેલી વિધાનસભ્ય દળની બેઠકમાં અનિલ વિજ અને મનોહરલાલ ખટ્ટરે ધારાસભ્ય દળના નેતા તરીકે નાયબ સિંહ સૈનીના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો. જેને તમામ ધારાસભ્યોએ ટેકો આપ્યો હતો. ભાજપે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને મધ્યપ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવને વિધાનસભા પક્ષની બેઠક માટે કેન્દ્રીય નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા હતા.જો કે ધારાસભ્ય દળની બેઠક પહેલા જ નાયબ સિંહના નામને મંજુરી આપવા અંગે જોરદાર ચર્ચા થઈ હતી. ભારતીય જનતા પાર્ટી દ્વારા અખબારોમાં એક જાહેરાત પ્રકાશિત કરવામાં આવી હતી જેમાં PM મોદી અને નાયબ સિંહ સૈનીની તસવીર હતી અને લોકોને આજે પંચકુલામાં યોજાનારા શપથ ગ્રહણ સમારોહમાં હાજર રહેવા અપીલ કરવામાં આવી હતી. આ જાહેરાત સંકેત આપી રહી હતી કે, આજે મળનારી વિધાનસભ્ય દળની બેઠકમાં નાયબ સિંહ સૈનીના નામને મંજૂરી આપવામાં આવશે.

### રાજ્ય સરકારના કર્મચારીઓ આનંદો

# કર્મીઓને ઓક્ટોબરનું વેતન અને પેન્શન વહેલું આવશે

## દીવાળીના તહેવારોને લઈ મુખ્યમંત્રીનો નિર્ણય : તા. ૨૩થી ૨૫ ઓક્ટોબર દરમિયાન કરાશે ચુકવણી

ગાંધીનગર,તા.૧૬

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓ, નિવૃત્ત પેન્શનર્સ આગામી દિવાળીના તહેવારની ઉજવણી આનંદ ઉલ્લાસથી કરી શકે તે માટે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ વર્ષે દિવાળીના તહેવારોને ધ્યાનમાં લઈને કર્મચારીઓને મળતા માસિક પગાર તેમજ પેન્શનર્સને પેન્શનની રકમની ચુકવણી એડવાન્સમાં કરાશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અંગે નાણાં વિભાગને આપેલા દિશાનિર્દેશ અનુસાર રાજ્ય સરકારના કર્મચારીઓ, પેન્શનર્સને ઓક્ટોબર માસની ૨૩ થી ૨૫ તારીખ દરમિયાન આ મહિનાના પગાર અને પેન્શનનું એડવાન્સ ચુકવણું કરવામાં આવશે. મુખ્યમંત્રી સમક્ષ વિવિધ કર્મચારી મંડળો, એસોસિએશન અને અગ્રણીઓની આ સંદર્ભમાં મળેલી રજૂઆતનો સકારાત્મક પ્રતિસાદ આપતા તેમણે ઓક્ટોબર-૨૦૨૪ના પગાર-પેન્શન એડવાન્સમાં ચૂકવવાનો આ નિર્ણય કર્યો છે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના કર્મચારીઓના પગાર સામાન્યરીતે મહિનાની શરૂઆતના તા.૧થી ૭ સુધીમાં થતા હોય છે. પરંતુ આ વખતે દિવાળીના તહેવારો મહિનાની આખરમાં આવતા હોવાથી આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેના પગલે રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનધારકોમાં ખુશી છવાઈ ગઈ છે.

### DGને આપ્યો આ આદેશ

# મુખ્યમંત્રી બનતા જ ઓમર અબ્દુલ્લાએ લીધો મોટો નિર્ણય

## ઓમર અબ્દુલ્લાએ તેમનો કાફલો રસ્તા પરથી પસાર થાય ત્યારે ગ્રીન કોરિડોર ન બનાવવા સૂચના આપી

જમ્મુ, તા.૧૬

જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ યોજાયેલી વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ ઓમર અબ્દુલ્લા કેન્દ્ર શાસિત પ્રદેશના નવા સીએમ બન્યા છે. તેમણે આજે શ્રીનગરમાં શેર-એ-કાશ્મીર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ સેન્ટર (SKICC) ખાતે હોદ્દા અને ગુપ્તતાના શપથ લીધા હતા. તેમની સાથે ૫ વધુ મંત્રીઓએ પણ શપથ લીધા હતા. ઓમર અબ્દુલ્લાએ મુખ્યમંત્રી પદના શપથ લીધા બાદ પહેલો નિર્ણય લીધો છે.ઓમર અબ્દુલ્લાએ તેમનો કાફલો રસ્તા પરથી પસાર થાય ત્યારે ગ્રીન કોરિડોર ન બનાવવા સૂચના આપી છે.

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ટ્વીટ કર્યું, ''મેં જમ્મુ અને કાશ્મીર પોલીસના મહાનિર્દેશક સાથે વાત કરી છે કે જ્યારે હું રોડ માર્ગે ક્યાંય પણ જાઉં ત્યારે કોઈ 'ગ્રીન કોરિડોર' ન બનાવવો જોઈએ કે ક્યાંય પણ ટ્રાફિકને રોકવો જોઈએ નહીં. મેં તેમને જાહેર અસુવિધા ઘટાડવા અને સાયરનનો ન્યૂનતમ ઉપયોગ કરવાનો નિર્દેશ આપ્યો છે.''સીએમએ આગળ લખ્યું, ''કોઈપણ પ્રકારની લાકડી હલાવવા અથવા આક્રમક હાવભાવ સંપૂર્ણપણે ટાળવા જોઈએ. હું મારા કેબિનેટ સાથીદારોને દરેક બાબતમાં સમાન ઉદાહરણને અનુસરવાનું કહી રહ્યો છું. અમે અહીં લોકોની સેવા કરવા માટે છીએ અને તેમને અસુવિધા કરવા માટે નથી.''જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ બુધવારે પાર્ટીના નેતા સુરિન્દર ચૌધરીને નાયબ મુખ્યમંત્રી તરીકે પસંદ કર્યા છે. ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે તેમણે આ પદ માટે નૌશેરાના ચૌધરીને પસંદ કર્યા કારણ કે તેઓ વિસ્તારના લોકોને પ્રતિનિધિત્વ આપવાની સાથે તેમની સરકારને સમાવેશી બનાવવા માંગે છે.

# ઓમર અબ્દુલ્લાએ લીધા મુખ્યમંત્રી પદના શપથ

જમ્મુ, તા.૧૬

કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરને હવે નવા સીએમ મળી ગયા છે. ઓમર અબ્દુલ્લાએ આજે રાજયના મુખ્યમંત્રી પદના શપથ લીધા. રાજયને પૂરા ૧૦ વર્ષ બાદ નવા મુખ્યમંત્રી મળ્યા છે. તેમના શપથ ગ્રહણ સમારોહમાં રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, અને અખિલેશ યાદવ સહિત ઈન્ડિયા બ્લોકના અનેક દિગ્ગજ નેતાઓ સામેલ થયા. આ સાથે જ જમ્મુ અને કાશ્મીરની નવી અબ્દુલ્લા કેબિનેટમાં વિધાયક મંત્રીઓએ પણ શપથ લીધા. અત્રે જણાવવાનું કોંગ્રેસે પહેલેથી સ્પષ્ટ કરી દીધુ હતું કે તેમના કોઈ વિધાયક આજે કેબિનેટની શપથ લેશે નહીં. આ સમારોહ શેર એ કાશ્મીર ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટરમાં યોજાયો. આજે મંત્રી તરીકે સતીષ શર્મા, સકીના ઈટ્ટુ, જાવેદ ડાર, સુરિન્દર ચૌધરી, જાવેદ રાણા અને જાવેદ ડારે પણ શપથ લીધા. ભાજપના નેતા રવિન્દ્ર રૈનાને ચૂંટણીમાં હરાવનારા સુરેન્દર ચૌધરી રાજ્યના ડેપ્યુટી સીએમ બન્યા છે. અત્રે જણાવવાનું કે જમ્મુ અને કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ વિધાનસભા ચૂંટણી યોજાઈ જેમાં નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ ગઠબંધને જીત મેળવી. ૯૦ સીટોમાંથી નેશનલ કોન્ફરન્સને ૪૨ સીટ અને કોંગ્રેસને ૬ સીટ મળી. જ્યારે ભાજપને ૨૯ બેઠકો પર જીત મળી. મહેબૂબા મુફતીની પીડીપીએ આ ચૂંટણીમાં દાટ વાળ્યો.

### ૧૨૦ બાળકો મુકાયા મુશ્કેલીમાં

# પાલિતાણાની જામવાળી ગામે શાળાના બાળકોને ફૂડ પોઇઝનીંગ

## ૨૩ બાળકોને ફૂડ પોઈઝનીંગની અસર થઈ હતી અને બે થી ચાર બાળકોને બોટલ ચડાવવાની ફરજ પડી

પાલીતાણા, તા.૧૬

ડોકટરોના મતે વાસી ખોરાક કે ખરાબ પાણીના સેવનથી ખતરનાક બેક્ટેરિયા શરીરમાં પ્રવેશ કરે છે. આ બેક્ટેરિયા નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા બાળકોને સરળતાથી શિકાર બનાવે છે. નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા બાળકો ઝડપથી ચેપ લગાડે છે અને ફૂડ પોઈઝનિંગનો શિકાર બને છે. ખરાબ ખોરાકથી ફૂડ પોઈઝનિંગના કિસ્સાઓ વધી રહ્યા છે ત્યારે વધુ એક કિસ્સો સામે આવ્યો છે. પાલીતાણા તાલુકાના જામવાળી ગામે શાળામાં ભોજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ભોજન કર્યા બાદ મોટી સંખ્યામાં શાળાના બાળકોને રાત્રી દરમ્યાન ફૂડ પોઈઝનીંગની અસર થઈ હતી. બનાવને પગલે મોડી રાત્રે આરોગ્યની ટીમ જામવાળી ગામે દોડી ગઈ હતી. જોકે એકપણ બાળકને ગંભીર અસર ન થતાં તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. હાલમાં તમામ બાળકોની સ્થિતિ સામાન્ય છે.ખોરાકમાં ભેળસેળ થતી હોવાના અનેક કિસ્સાઓ સામે આવી રહ્યાં છે. તેમજ તહેવારોના દિવસો ચાલી રહ્યા છે ત્યારે ફૂડ પોઈઝનિંગના કિસ્સાઓ પણ પ્રકાશમાં આવી રહ્યા છે. પાલીતાણા તાલુકાના જામવાળી ગામે શાળાના ૧૨૦ બાળકો માટે ભોજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એક બાળકનો જન્મ દિવસ હતો. તે નિમિત્તે ભોજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં બાળકોને પુરી-શાક અને લાડવાનું ભોજન પીરસવામાં આવ્યું હતું. આ ભોજન બહારથી મંગાવવામાં આવ્યું હતું. શાળાના ૧૨૦ બાળકોએ આ ભોજન આરોગ્યું હતું, ત્યારબાદ મોડીરાત્રે ૨૩ જેટલા બાળકોને ફૂડ પોઈઝનીંગની અસર જોવા મળી હતી.ભાવનગર જિલ્લા આરોગ્ય વિભાગના અધિકારી ચંદ્રમણીએ જણાવ્યું કે, જાણ થતા જ આરોગ્યની ટીમ જામવાળી ગામે પહોંચી ગઈ હતી. જ્યાં કુલ ૧૨૦ જેટલા બાળકો પૈકી ૨૩ બાળકોને ફૂડ પોઈઝનીંગની અસર થઈ હતી. બે થી ચાર બાળકોને બોટલ ચડાવવાની ફરજ પડી, જ્યારે અન્ય બાળકોને સામાન્ય અસર હતી. જોકે, ડાયરીયા વધુ પ્રમાણમાં થયા હોવાનું સામે આવ્યું છે. જામવાળી ગામે થયેલા બનાવમાં શાળાના આચાર્ય અલકાબેન જોષીએ જણાવ્યું હતું કે, શાળાના કર્મચારી બહેનના બાળકનો જન્મદિવસ હોવાથી પાલીતાણાથી દિલીપભાઈ નામના રસોયાને બોલાવવામાં આવ્યા હતા. જેમાં બપોરના સમય બાળકો માટે છોલે-ચણા, પૂરી, પાપડ, સલાડ, મોતીચૂરના લાડવા અને છાશની વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે, ૧૨૦ માંથી ૨૪ જેટલા બાળકોને સામાન્ય અસર થઈ હતી. તેમાંથી ત્રણ બાળકોને બોટલ ચડાવવાની ફરજ પડી. હાલ દરેકને સ્થિતિ સામાન્ય છે.

### ભારતીય નૌકાદળ અને કોસ્ટગાર્ડ્સને સમર્પિત કરાશે

# લોથલમાં બનશે દેશનું પ્રથમ નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ

## ભારતના ૪,૫૦૦ વર્ષ જૂના દરિયાઈ વારસાનું સન્માન કરવાનો અને તેને લોકો સમક્ષ પ્રદર્શિત કરવાનો ઉદ્દેશ્ય

લોથલ, તા.૧૬

ગુજરાતના પ્રાચીન વારસાનું એક મહત્વપૂર્ણ સ્થળ લોથલ એક મોટા પરિવર્તનનું સાક્ષી બનવા જઇ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રીય મંત્રીમંડળે ગુજરાતના લોથલ ખાતે નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC)ના વિકાસને મંજૂરી આપી છે. બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા સંચાલિત આ પહેલનો ઉદ્દેશ્ય ભારતના ૪,૫૦૦ વર્ષ જૂના દરિયાઈ વારસાનું સન્માન કરવાનો અને તેને લોકો સમક્ષ પ્રદર્શિત કરવાનો છે. ઉલ્લેખનીય છે કે, નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સનો શિલાન્યાસ માર્ચ ૨૦૧૯માં કરવામાં આવ્યો હતો, જે વિશ્વનું સૌથી મોટું મેરિટાઇમ કોમ્પ્લેક્સ બનવા જઇ રહ્યું છે. આ આખો પ્રોજેક્ટ બે તબક્કામાં પૂર્ણ કરવામાં આવશે. દરેક તબક્કો મુલાકાતીઓના અનુભવ અને શૈક્ષણિક પ્રભાવને વધારવાના ઉદ્દેશથી ડિઝાઇન કરવામાં આવ્યો છે.NMHCનો તબક્કો ૧છ હાલ પ્રગતિ હેઠળ છે, જેમાં ૬૦% થી વધુ કામ પૂર્ણ થયું છે. આ તબક્કા હેઠળ NMHC મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવશે, જેમાં છ ગેલેરીઓ સમાવિષ્ટ કરવામાં આવશે. આ મ્યુઝિયમ ભારતીય નૌકાદળ અને કોસ્ટગાર્ડ્સને સમર્પિત કરવામાં આવશે, અને તે દેશમાં સૌથી મોટું મ્યુઝિયમ હશે તેવી અપેક્ષા છે.આ ગેલેરીમાં INS નિશાંક, સી હેરિયર એરક્રાફ્ટ અને UH3 હેલિકોપ્ટર જેવા નૌકાદળના યુદ્ધ જહાજો પ્રદર્શિત કરવામાં આવશે. વધુમાં, તબક્કા ૧છમાં પ્રાચીન લોથલ ટાઉનશીપનું મોડેલ, એક ઓપન એક્વેટિક (જળચર) ગેલેરી અને જેટ્ટી વોકવેનો સમાવેશ કરવામાં આવશે. ૧,૨૩૮.૦૫ કરોડના અંદાજિત ખર્ચ સાથે આ તબક્કા હેઠળનું કાર્ય વર્ષ ૨૦૨૫માં પૂર્ણ કરવાનું આયોજન છે. આ માટે મુખ્ય બંદરો, સંરક્ષણ મંત્રાલય અને સંસ્કૃતિ મંત્રાલયના યોગદાન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે.NMHC મ્યુઝિયમમાં વધુ આઠ ગેલેરીઓ તેમજ એક લાઈટહાઉસ મ્યુઝિયમ પણ બનાવવામાં આવશે. લાઈટહાઉસ મ્યુઝિયમને વિશ્વનું સૌથી ઊંચું મ્યુઝિયમ બનાવવાની યોજના છે. તેમાં એક બગીચા કોમ્પ્લેક્સનો પણ સમાવેશ થાય છે, જેમાં લગભગ ૧,૫૦૦ વાહનો માટે પાર્કિંગ, એક ફૂડ હોલ અને મેડિકલ સેન્ટર હશે. આ લાઈટહાઉસ મ્યુઝિયમનો અંદાજિત ખર્ચ ૨૬૬.૧૧ કરોડ છે, જે માટે ડિરેક્ટોરેટ જનરલ ઑફ લાઈટહાઉસ એન્ડ લાઈટશિપ્સ (DGLL) દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવશે.NMHCના બીજા તબક્કામાં, દરિયાકાંઠાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા વિશેષ પેવેલિયન બનાવવામાં આવશે. તેમાં સમુદ્રની થીમ પર બનાવેલા ઈકો ફ્રેન્ડલી રિસોર્ટ અને 'મ્યુઝ્યોટેલ' બનાવવામાં આવશે જે મ્યુઝિયમ અને હોટલને જોડશે. મુલાકાતીઓ લોથલના પ્રાચીન શહેરની ઝલક મેળવી શકશે. ચાર થીમ પાર્ક સાથે એક મેરીટાઇમ ઈન્સ્ટિટ્યૂટ અને હોસ્ટેલ બનાવવામાં આવશે. ચાર થીમ પાર્કમાં મેરીટાઇમ એન્ડ નેવલ, ક્લાઈમેટ ચેન્જ, મોન્યુમેન્ટ્સ અને એડવેન્ચર એન્ડ એમ્યુઝમેન્ટ પાર્કનો સમાવેશ થાય છે. આ તમામ થીમ પાર્ક લોકોને દરિયાઈ વારસા વિશે વધુ માહિતગાર કરશે. કેબિનેટે એક વ્યૂહાત્મક યોજના બનાવીને NMHC પ્રોજેક્ટના આગામી તબક્કાઓની કામગીરીને પ્રાથમિક મંજૂરી આપી છે. આ તબક્કાઓને સ્વૈચ્છિક દાન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવશે, અને તેમની પ્રગતિ પર્યાપ્ત નાણાં એકત્ર કરવા પર નિર્ભર રહેશે. બંદરો, શિપિંગ અને જળમાર્ગોના મંત્રીશ્રીના નેતૃત્વમાં એક વિશેષ સોસાયટી દ્વારા આ તબક્કાઓની કામગીરીનું સંચાલન કરવામાં આવશે.NMHCના વિકાસથી ૧૫ હજાર પ્રત્યક્ષ અને ૭ હજાર પરોક્ષ રોજગારીની તકો પેદા થશે. આર્થિક વૃદ્ધિને આગળ વધારવાની સાથોસાથ, તેનાથી સ્થાનિક સમુદાયો, પ્રવાસીઓ, સંશોધકો, વિદ્વાનો, સરકારી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સાંસ્કૃતિક સંસ્થાઓ, પર્યાવરણીય જૂથો અને વ્યવસાયોને ફાયદો થશે. લોથલ ખાતે નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) એ ભારતના દરિયાઈ વારસાને સન્માનિત કરવા અને જાળવવા માટેનો સીમાચિહ્નરૂપ પ્રોજેક્ટ છે.

### મહારાષ્ટ્ર ચૂંટણી પહેલા અજિત પવારને મોટો ઝટકો

# પૂણેના મેયર સહિત ૬૦૦ કાર્યકર્તાઓના રાજીનામા

## પત્રકાર પરિષદમાં પાર્ટી છોડવાના નિર્ણયની જાહેરાત કરી

મુંબઈ, તા.૧૬

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા જ બુધવારે NCP નેતા અને નાયબ મુખ્યમંત્રી અજિત પવારને મોટો ઝટકો લાગ્યો છે. રાજ્યપાલ દ્વારા નિયુક્ત વિધાન પરિષદમાં ધારાસભ્યોની નિમણૂક ન કરવાથી નારાજ અજિત પવાર જૂથના પૂણે શહેર પ્રમુખ દીપક માનકર સહિત ૬૦૦ કાર્યકરોએ પાર્ટી છોડી દીધી હતી. આજે બુધવારે તેમણે પત્રકાર પરિષદમાં પાર્ટી છોડવાના નિર્ણયની જાહેરાત કરી હતી. ઉલ્લેખનીય છે કે, રાજ્યપાલ દ્વારા ૧૨માંથી ૭ નેતાઓને ધારાસભ્ય તરીકે લિસ્ટ કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્રના રાજ્યપાલ દ્વારા નિયુક્ત ધારાસભ્યોનો શપથ ગ્રહણ સમારોહ બપોરે ૧૨ વાગ્યે વિધાન ભવનના સેન્ટ્રલ હોલમાં યોજાયો હતો. આ સાત પૈકી અજિત પવાર જૂથના નેતા અને છગન ભુજબળના પુત્ર પંકજ ભુજબળે શપથ લીધા હતા. તો અહીં શિંદે જૂથના નેતા અને પૂર્વ ધારાસભ્ય મનીષા કાયંદેએ શપથ લીધા. આ અંગે અજિત પવાર જૂથના પૂણે શહેર પ્રમુખ દીપક માંકરે નારાજગી વ્યક્ત કરી હતી અને શહેર પ્રમુખ સહિત લગભગ ૬૦૦ લોકોએ રાજીનામું ધરી દીધું છે.

તેમણે કહ્યું કે, હું અન્ય લોકોની જેમ આગળ વધી શકતો નથી. કાર્યકરોએ જાતે જ રાજીનામા આપી દીધા છે. હું પણ રાજીનામું આપી રહ્યો છું. કાર્યકરોએ તેમના રાજીનામા પાછા ખેંચવા જોઈએ. તેમણે સવાલ ઉઠાવતા કહ્યું હતું કે, તમામ હોદ્દા ભુજબળ સાહેબના ઘરમાં જ આપવામાં આવે છે તો અન્ય કાર્યકરોને ક્યારે તક મળશે? હું શનિવાર સુધીમાં અજિત પવારને મારું રાજીનામું સોંપી દઈશ. પૂણે શહેરના કાર્યકરોએ માંગ કરી હતી કે, દીપક માનકરને વિધાન પરિષદમાં તક મળવી જોઈએ. આ બધું અજિત પવારના હાથમાં છે અને તેમણે પંકજ ભુજબળને તક આપી પરંતુ મને છોડી દીધો? તેમણે કહ્યું કેસ મહાયુતિ પર તેમની શું અસર પડશે, આ કહેવું સંભવ નથી. રૂપાલી ચાકણકર અને મને મ્યુનિસિપલ કૉર્પોરેશનની ટિકિટ આપો. પછી ખબર પડશે કે કોની પાસે કેટલો દમ છે તે ખબર પડશે. સત્તાનું વિકેન્દ્રીકરણ જરૂરી છે. સુનીલ તટકરે અધ્યક્ષ છે.

### સફારી પાર્ક પ્રવાસન ગતિવિધિથી ધમધમતું થયું

# સાસણ સફારી પાર્કમાં આજથી સિંહ દર્શન શરૂ

## સાસણગીરમાં સિંહ દર્શન માટે ઓનલાઈન પરમિટ બુકિંગ આગામી ૧૫ નવેમ્બર સુધી હાઉસફુલ છે

જૂનાગઢ, તા.૧૬

ચાર મહિના બંધ રહ્યા બાદ ફરી એક વખત સાસણગીર સફારી પાર્ક પ્રવાસન ગતિવિધિથી ધમધમતું થયું છે અને ચોમાસાના ચાર મહિના માટે સાસણગીર સફારી પાર્ક તમામ પ્રવાસન ગતિવિધિઓથી બંધ રાખવામાં આવે છે. ૧૫મી જૂને બંધ થયેલું સાસણ સફારી પાર્ક આજે ૧૬મી ઓક્ટોબરથી વિધિવત રીતે શરૂ થયું છે. પહેલા દિવસે જ તમામ ૧૫૦ પરમિટ ઓનલાઈન રજીસ્ટરથી ફુલ જોવા મળે છે. ચાર મહિના સુધી બંધ રહેલું સાસણ સફારી પાર્ક આજે શરૂ થતાં જ દેશ-વિદેશના પ્રવાસીઓનો ઘસારો જોવા મળ્યો હતો. ગીરની ઓળખ એટલે સિંહ, લોકો દૂર દૂરથી સિંહ દર્શન કરવા ગીરમાં આવતા હોય છે. ચાર મહિના બંધ રહ્યા બાદ આજથી ફરી એક વખત સાસણ ગીર સફારી પાર્ક શરૂ થતાં વિદેશ પ્રવાસીઓએ સિંહ દર્શન કરવાને લઈને પોતાની ઉત્સુકતા દર્શાવી હતી. સાસણગીરમાં સિંહ દર્શન માટે ઓનલાઈન પરમિટ બુકિંગ આગામી ૧૫ નવેમ્બર સુધી હાઉસફુલ છે. ત્યારે સાસણગીરના સિંહ દર્શનની ઓફિશિયલ વેબસાઈટ પરથી પ્રવાસીઓ બુકિંગ કરી શકાય છે. માહિતી અનુસાર, આજે સવારે ૬ વાગ્યે પ્રવાસીઓને રવાના કરવામાં આવ્યા હતા. ડીસીએફ મોહન રામે લીલી ઝંડી આપી અને પ્રવાસીઓને રવાના કર્યા હતા. ત્યારે સિંહ દર્શન કરી પ્રવાસીઓ ખુશખુશાલ થઈ ગયા હતા અને જંગલમાં પ્રાકૃતિક વાતાવરણમાં આનંદ માણ્યો હતો. પ્રથમ દિવસે પ્રવાસીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આજથી શરૂ થયેલા સાસણગીર સફારી પાર્કમાં પ્રતિદિવસ ૧૫૦ પરમિટની તમામ વાહનો બિલકુલ નવા અને ઈકો ફ્રેન્ડલી વાતાવરણને અનુકૂળ શરૂ કરવામાં આવ્યા છે. તમામ વાહનો આજથી પ્રથમ વખત સાસણ સફારીમાં જઈ રહ્યા છે. જેથી અહીં તમામ જૂની જીપ્સી રિપ્લેસ કરી દેવામાં આવી છે. આ નવી જીપ્સીથી પ્રવાસીઓને પણ સુવિધામાં વધારો થશે. ગત વર્ષથી પ્રવાસીઓ ખુદ નક્કી કરી શકે છે કે, તેમને કેટલી બેઠક વ્યવસ્થા વાળી ગાડીમાં સફર કરવી છે. પ્રવાસીઓ માટે ૪ સીટ, ૬ સીટ, ૮ સીટની વ્યવસ્થા વાળી નવી જીપ વાહન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગત વર્ષે દેશ વિદેશમાંથી આવતા પ્રવાસીઓએ ગીર અને જંગલ સફારીની મુલાકાત લીધી હતી. જેમાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ૫૪૮૮ ભારતીય અને ૭૯ વિદેશી પ્રવાસીઓ મળીને કુલ ૫૫૬૭ પ્રવાસીઓએ જંગલ સફારી પાર્કની મુલાકાત લીધી હતી. આ વર્ષે ગીરમાં સારા પ્રમાણમાં વરસાદ વરસ્યો છે. જેથી ચોમાસા દરમિયાન જંગલમાં અનેક રસ્તાઓ બિસ્માર બન્યા હતા. જેનું સમારકામ પણ કરી લેવાયું છે. આ વર્ષે ગીર જંગલની સફર માણી અને પ્રવાસીઓને કેવો આનંદ આવ્યો અને પોતાનો અનુભવ કેવો રહ્યો તે એક સૂચન બોક્સમાં શેર કરી શકશે.

જેના આધારે જો કોઈ જરૂરિયાત લાગશે તો તે મુજબ જરૂરી ફેરફાર કરવામાં આવશે. પ્રવાસીઓની સુવિધામાં વધારો થાય તે માટે આ નવો અભિગમ શરૂ કરવામાં આવ્યો છે જેને લોકો પણ આવકારે તેઓ વિશ્વાસ ડીસીએફ મોહન રામે વ્યક્ત કર્યો હતો.

### પુરાવાના અભાવે નિર્દોષ જાહેર

# આચાર સંહિતા કેસમાં ભાજપના પૂર્વ સાંસદ જયાપ્રદાને રાહત

## આચાર સંહિતા છતાં જયાપ્રદાએ રોડનું ઉદ્‌ઘાટન કર્યું હતું

નવી દિલ્હી, તા.૧૬

ભાજપના પૂર્વ સાંસદ અને ફિલ્મ અભિનેત્રી જયાપ્રદા વિરુદ્ધના આચાર સંહિતના ઉલ્લંઘનના વધુ એક કેસમાં કોર્ટે મોટી રાહત આપી છે. રામપુરની એમપી-એમએલએ કોર્ટે પુરાવના અભાવે તેમને નિર્દોષ જાહેર કર્યા છે. આજે કોર્ટમાં શરુ થયેલી સુનાવણી દરમિયાન જયાપ્રદા પણ હાજર રહ્યા હતા.

વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દરમિયાન ઉત્તર પ્રદેશની સ્વાર પોલીસ સ્ટેશનમાં જયાપ્રદા વિરુદ્ધ આચાર સંહિતાના ઉલ્લંઘનનો કેસ નોંધાયો હતો. આચાર સંહિતા લાગુ હોવા છતાં તેમણે એક રોડનું ઉદ્‌ઘાટન કર્યું હતું, જેનો વીડિયો પણ ખૂબ વાયરલ થયો હતો. જોકે આ કેસમાં પુરાવના અભાવે કોર્ટે તેમને રાહત આપી છે.

પૂર્વ સાંસદ જયાપ્રદા સામે આચાર સંહિતા ઉલ્લંઘનના અન્ય કેસ પણ નોંધાયેલા હતા, જો કે તેમને અગાઉ રાહત મળી ગઈ છે. જયાપ્રદાએ સમાજવાદી પાર્ટીના નેતા આજમ ખાન વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરી હતી. આ મુદ્દે તેમની સામે કેમરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. જોકે પુરાવના અભાવને કારણે તેમને આ કેસમાં પણ નિર્દોષ જાહેર કરાયા હતા. જયાપ્રદા પર આચારસંહિતા ભંગના બે કેસમાં ફરાર હોવાનો આરોપ હતો. કોર્ટમાં હાજર ન થવાને કારણે તેમની સામે બિનજામીનપાત્ર વોરંટ જારી કરાયું હતું. એમપી/એમએલએ કોર્ટે પણ સીઆરપીસીની કલમ ૮૨ હેઠળ આદેશ જારી કર્યો હતો.

### ઈઝરાયેલે અમેરિકાને ખાતરી આપી હોવાનો બાઈડેન સરકારનો દાવો

# ઈરાનના પરમાણુ, ઓઈલ મથકો પર હુમલો નહીં કરીએ: ઈઝરાયેલ

## ગાઝામાં ખોરાક, દવાઓ સહિતની સહાયની સ્થિતિમાં 30 દિવસમાં સુધારો નહીં થાય તો તે ઈઝરાયેલને અપાતી શસ્ત્ર સહાય પર નિયંત્રણ લાદવા વિચારશે

વોશિંગ્ટન, તા.૧૬

ઈરાને કરેલા મિસાઈલ એટેકનો જડબાતોડ જવાબ આપવાની તૈયારી કરી રહેલા ઈઝરાયેલે અમેરિકાએ ખાતરી આપી છે કે તે ઈરાનના પરમાણુ કે ઓઈલ મથકો પર હુમલો નહીં કરે. અમેરિકાના બે અધિકારીઓના જણાવ્યાં અનુસાર, બાઈડન સરકારે ઈરાનના બે અત્યંત સંવેદનશીલ સ્થળોએ હુમલો નહીં કરવા ઈઝરાયેલને મનાવી લીધું છે. જોકે ઈઝરાયેલ પોતે આપેલી ખાતરી પાળશે જ તેમ ચોક્કસ ના કહી શકાય તેમ જણાવતાં એક અધિકારીએ ઉમેર્યું હતું કે, ભૂતકાળમાં અનેક પ્રસંગોએ ઈઝરાયેલ પોતાના વચનો પાળ્યાં નથી. તેનું તાજું ઉદાહરણ ગયા મહિને જોવા મળ્યું હતું. જેમાં ઈઝરાયેલે જણાવ્યું હતું કે, તે અમેરિકા અને ળાંસના આગ્રહથી લેબનોનમાં કામચલાઉ યુદ્ધવિરામ રાખશે. જોકે તેના બે જ દિવસ પછી ઈઝરાયેલે લેબનોન પર જંગી હવાઈ હુમલાં કરી હિઝબુલ્લાહના વડા હાસન નસરલ્લાની હત્યા કરી હતી. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુની કચેરી દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, અમે અમેરિકાના મંતવ્યોનું સન્માન કરીએ છીએ પરંતુ અંતિમ નિર્ણય અમારા રાષ્ટ્રના હિતને ધ્યાનમાં રાખીને કરીએ છીએ. આ ઉપરાંત અમેરિકાએ ઈઝરાયેલની સહાય માટે ૧૦૦ જેટલાં સૈનિકો અને કેટલાંક શસ્ત્રો ઉપલબ્ધ બનાવતા ઈરાનના સંભવિત હુમલાનો સામનો કરવાની ઈઝરાયેલની ચિંતા હળવી થઈ છે તેમ અમેરિકાનું માનવું છે. અમેરિકાએ તાજેતરમાં જ ઈઝરાયેલના એર ડિફેન્સને મજબૂત બનાવવા માટે ટર્મિનલ હાઈ અલ્ટિટ્યૂડ એરિયા ડિફેન્સ આપવાનો નિર્ણય કર્યો હતો.અમેરિકાએ ગાઝામાં અટકી પડેલી માનવીય સહાય અંગે ઈઝરાયેલને ચેતવણી આપી છે. ઈઝરાયેલને ચેતવણી આપતા અમેરિકાએ જણાવ્યું છે કે, ગાઝામાં ખોરાક, દવાઓ સહિતની માનવીય સહાયની સ્થિતિમાં ૩૦ દિવસમાં સુધારો નહીં થાય તો તે ઈઝરાયેલને અપાતી શસ્ત્ર સહાય પર નિયંત્રણ લાદવા વિચારશે. ઈઝરાયેલના સ્ટ્રેટેજિક બાબતોના મંત્રી રોન ડર્મરને લખેલા પત્રમાં અમેરિકાના વિદેશમંત્રી એન્ટની બ્લિકન અને સંરક્ષણ મંત્રી લોઈડ ઓસ્ટિને જણાવ્યું હતું કે, છેલ્લાં કેટલાંક મહિનાઓથી ગાઝામાં માનવીય સહાયની સ્થિતિ અત્યંત વણસી છે.

### વતને જતા લોકો માટે ખાસ સુવિધા કરવામાં આવી

# દિવાળી દરમિયાન એસટી વિભાગ દોડાવશે એક્સ્ટ્રા બસો

## એસ.ટી નિગમ દ્વારા તહેવારોને ધ્યાનમાં લઈને વતન જવા તારીખ ૨૬ થી 30 ઓક્ટોબર દરમિયાન સુરતથી ૨૨૦૦ વધુ બસ દોડાવવામાં આવશે

સુરત, તા.૧૬

દિવાળીને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે રાજ્ય સરકાર તરફથી દિવાળીમાં પોતાના વતને જતા લોકો માટે ખાસ સુવિધા કરવામાં આવી છે. દિવાળીને ધ્યાનમાં લઈને એસ.ટી નિમગ દ્વારા તહેવારોને ધ્યાનમાં લઈને વતન જવા તારીખ ૨૬ થી ૩૦ ઓક્ટોબર દરમિયાન સુરતથી ૨૨૦૦ વધુ બસ દોડાવવામાં આવશે.સુરત સર્કિટ હાઉસ ખાતે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વાહનવ્યવાહ મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, છેવાડાના માનવી સુધી એસ.ટી બસની કનેક્ટિવિટી મળી રહે તે માટે રાજ્ય સરકારે જાહેર પરિવહનની સુવિધામાં વધારવામાં આવી છે. દિવાળીના દિવસોમાં સુરતમાંથી પોતાના વતન સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાત, દાહોદ, પંચમહાલ સહિત અન્ય જિલ્લા તેમજ મહારાષ્ટ્રમાં હજારોની સંખ્યામાં લોકો જતાં હોય છે. જેને ધ્યાનમાં લઈને તારીખ ૨૬ થી ૩૦ ઓક્ટોબર દરમિયાન સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, પંચમહાલ, મહારાષ્ટ્ર સહિત વિવિધ સ્થળોએ ૨૨૦૦ થી વધુ બસો દોડાવવામાં આવશે. આ સાથે માગ મુજબ વધુ બસો ફાળવવા પણ તંત્ર તૈયાર છે.

મહારાષ્ટ્ર તરફના મુસાફરો માટે ઉધન બસ સ્ટેશનથી વધારાની બસ નવાપુર, નંદુરબાર, ધુલિયા, શહદા માટે મૂકાશે. જેનું અત્યારથી જ એક્ટ્રા બસોનું ગ્રુપ બુકિંગ એસ.ટી સેન્ટ્રલ બસ સ્ટેશન સુરત તેમજ અડાજણ બસ પોર્ટ ખાતે આવેલી સુરત સિટી ડેપોથી કરી શકાશે. આ સિવાય એડવાન્સ બુકિંગ માટે ્.ક્ષ્રજર્ષ્ઠિ.હ ઉપરથી પમ ઓનલાઈન ટિકિટ બુક કરી શકાશે. આ સિવાય ટ્રાફિકને ધ્યાનમાં રાખી ધ્યાને લઈ તા. ૩૧ ઓક્ટોબરથી ૬ નવેમ્બર સુધી વડોદરા, અમદાવાદની વધારાની બસો સુરત સેન્ટ્રલ બસ સ્ટોપથી ઉપડશે.

### અંગ્રેજ ખેલાડીએ બનાવ્યો તોફાની રેકોર્ડ

# બેન ડકેટે સૌથી ઝડપી ૨૦૦૦ રન બનાવી રચ્યો ઇતિહાસ

## ૪૭ બોલ પર ઠોકી અડધી સદી૪૭ બોલ પર ઠોકી અડધી સદી

નવી દિલ્હી, તા.૧૬

ઈંગ્લેન્ડે પાકિસ્તાનને પહેલી ટેસ્ટમાં હરાવ્યા પછી બીજી મેચમાં પણ તરખાટ મચાવ્યો છે. ઈંગ્લેન્ડે પાકિસ્તાનના ૩૬૬ રનના જવાબમાં બુધવારે ઝડપથી રન બનાવી યજમાન ટીમને દબાણમાં લાવી દીધી હતી. ઈંગ્લેન્ડના ઓપનર બેન ડકેટે વનડે સ્ટાઈલમાં બેટિંગ કરી અને સદી ફટકારી હતી. આ તેની ચોથી ટેસ્ટ સદી છે. ડકેટે આ ઈનિંગ દરમિયાન પોતાના ટેસ્ટ કરિયરમાં ૨૦૦૦ રન પણ પૂરા કર્યાં છે. આ ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી ૨૦૦૦ રનનો રેકોર્ડ પણ બન્યો. તેણે સૌથી ઓછા બોલમાં ૨૦૦૦ ટેસ્ટ રન બનાવ્યાં છે.

ઈંગ્લેન્ડ અને પાકિસ્તાન વચ્ચે બીજી ટેસ્ટ મેચ મુલ્તાનમાં રમાઈ રહી છે. પાકિસ્તાને આ મેચમાં કામરાન ગુલામની સદીના જોરે ૩૬૬ રન બનાવ્યાં હતા. બાબર આઝમની જગ્યાએ ટીમમાં આવેલા કામરાન ગુલામે મેચના પહેલા દિવસે મંગળવારે ૧૧૮ રનની ઈનિંગ રમી હતી. મેચનો પહેલો દિવસ કામરાન ગુલામનો રહ્યો તો બીજો દિવસ બેન ડકેટના નામે રહ્યો હતો.

બેન ડકેટે મેચના બીજા દિવસે શાનદાર સદી ફટકારી ઈંગ્લેન્ડને મજબૂત સ્થિતિમાં પહોંચાડી દીધું હતું. ડકેટે જ્યારે સદી પૂરી કરી ત્યારે ઈંગ્લેન્ડનો સ્કોર ૨ વિકેટે ૧૯૫ રન હતો. બેન ડકેટે શરૂઆતથી જ આક્રમક બેટિંગ કરી અને ૪૭ રન પર અડધી સદી ઠોકી હતી. પોતાની ઈનિંગની બીજી ફિફ્ટી પૂરી કરવામાં તેણે થોડો વધુ સમય લીધો હતો.

બેન ડકેટે ૧૧૯ બોલમાં સદી પૂરી કરી. આ તેની ટેસ્ટ કરિયરની સૌથી ધીમી સદી છે. બેન ડકેટ ભારત સામે ૮૮ બોલમાં ટેસ્ટ સદી બનાવી ચૂક્યો છે. તે સિવાય પાકિસ્તાન સામે ૧૦૫ અને આયર્લેન્ડ સામે ૧૦૬ બોલમાં સદી પૂરી કરી ચૂક્યો છે. ડકેટ સદી પૂરી કર્યા પછી વધુ સમય ક્રિઝ પર ટકી શક્યો નહોતો. તે ૧૧૪ના વ્યક્તિગત સ્કોરે સાજિદ ખાનના બોલનો શિકાર બન્યો હતો.

### ૩૧ પ્રિડેટર ડ્રોન ખરીદવા સહિતની ડીલ ફાઇનલ થઇ

# અમેરિકા પાસેથી ભારત રૂ.૩૨,૦૦૦ કરોડના શસ્ત્રોની ખરીદી કરશે

## સંરક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે મંગળવારે બંને દેશોના વરિષ્ઠ અધિકારીઓએ આ ડીલ પર હસ્તાક્ષર કર્યા હતા

નવી દિલ્હી, તા.૧૬

અમેરિકા અને ભારત વચ્ચે મંગળવારે રૂ.32 હજાર કરોડ રૂપિયાની ડિફેન્સ ડીલ ફાઈનલ થઈ છે. આ અંતર્ગત ભારત અમેરિકા પાસેથી 31 પ્રિડેટર (MQ-9B હન્ટર કિલર) ડ્રોન ખરીદશે. આ અમેરિકન MQ-9 રીપર ડ્રોનનું એક પ્રકાર છે. આ ડ્રોન ત્રણેય સેનાઓને ફાળવવામાં આવશે. તેમના રિપેર અને મેન્ટેનન્સ માટે દેશમાં એક વિશેષ સુવિધા વિકસાવવામાં આવશે. સંરક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે મંગળવારે બંને દેશોના વરિષ્ઠ અધિકારીઓએ આ ડીલ પર હસ્તાક્ષર કર્યા હતા.ગયા અઠવાડિયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની બેઠકમાં આ ડીલને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. અમેરિકાની ચૂંટણીના એક સપ્તાહ પહેલા ભારતે અમેરિકા સાથે ડીલ સાઈન કરી છે.અમેરિકાનું જનરલ એટોમિક્સ આ ડ્રોન ભારતને આપશે. તેઓને ચેન્નાઈમાં INS રાજાની, પોરબંદર અને ગુજરાતના સરસાવામાં તહેનાત કરવામાં આવશે. આ સિવાય તેને યુપીના ગોરખપુરમાં પણ તહેનાત કરાશે. ભારતીય નૌકાદળને 15 સી ગાર્ડિયન ડ્રોન મળશે. એરફોર્સ અને આર્મીને આવા 8-8 ડ્રોન મળશે.ખાસ વાત એ છે કે આ એ જ ડ્રોન છે જેની મદદથી અમેરિકાએ પ્રખ્યાત આતંકવાદી ઓસામા બિન લાદેનને શોધી કાઢ્યો હતો તથા અલ જબાહિરીને મારી નાખ્યો હતો.

હવે આ ડ્રોન ભારતીય સેનાના કાફલામાં સામેલ થવા જઈ રહ્યા છે, તેથી સેનાની તાકાત સ્વાભાવિક રીતે જ વધારો થશે. અમેરિકા સાથેના કરાર હેઠળ ભારતીય નૌકાદળને 15 ‘સી ગાર્ડિયન ડ્રોન’ અને ભારતીય વાયુસેના અને સેનાને આઠ ‘સ્કાય ગાર્ડિયન ડ્રોન’ મળશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (CCS) એ ભારતની સૈન્ય શક્તિ વધારવાના ઉદ્દેશ્ય સાથે અમેરિકા પાસેથી 31 ‘પ્રિડેટર લૉંગ-એન્ડ્યુરન્સ’ ડ્રોનની ખરીદી અને બે પરમાણુ સંચાલિત સબમરીનના સ્વદેશી નિર્માણને મંજૂરી આપી હતી.

### ૧૯૩૦ના દાયકામાં નેતાજીના અનેક મહાન કાર્યો નિહાળ્યા

# સુભાષચંદ્ર બોઝના ભત્રીજી રોમા ડેનું થયેલું અવસાન

## ૯૫ વર્ષિય રોમા ડે વૃદ્ધાવસ્થાના રોગોથી પીડાતા હતા

કોલકાતા, તા.૧૬

નેતાજી સુભાષચંદ્ર બોઝના ભત્રીજી રોમા ડેનું બુધવારે નિધન થયું છે. તેઓ તેમના પરિવાર સાથે કોલકાતા સ્થિત પોતાના નિવાસસ્થાને રહેતા હતા. પરિવારના જણાવ્યા મુજબ ૯૫ વર્ષિય રોમા ડે વૃદ્ધાવસ્થાના રોગોથી પીડાતા હતા. તેમના પુત્ર આશિષ રેએ એક નિવેદનમાં કહ્યું છે કે, તેઓ તેમની પાછળ એક દિકરો, બે દિકરી અને પાંચ પૌત્રો છોડી ગયા છે.

રોમા ડે જાણિતા બેરિસ્ટર અને સ્વતંત્રતા સેનાની શરતચંદ્ર બોઝના દિકરી હતા. તેમણે ૧૯૩૦ના દાયકામાં કાકા સુભાષચંદ્ર બોઝના અનેક મહાન કાર્યો નજરે નિહાળ્યા હતા. જ્યારે નેતાજીને ૧૯૩૮માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ બનાવાયા હતા, તે પ્રસંગના પણ રોમા ડે સાક્ષી હતા. રિપોર્ટ મુજબ ૧૯૫૦ના દાયકામાં રોમા ડે અને નેતાજીના પત્ની એમિલી શેંકલા બંને વિયેનામાં રહેતા હોવાથી બંને વચ્ચે ગાઢ મિત્રતા હતા. જ્યારે ૧૯૯૬માં જર્મનીમાં શેંકલાના અંતિમ સંસ્કાર હતા, ત્યારે તેમને બોલવા માટે આમંત્રણ અપાયું હતું. તેમના લગ્ન જાણિતા ડૉક્ટર સચિસ રે સાથે થયા હતા.

નેતાજી સુભાષચંદ્ર બોઝની વિચારધારાને પ્રોત્સાહન આપવા તેમજ પરિવારની પરંપરાને જાળવી રાખવા માટે રોમા ડે ખૂબ જાણિતા હતા. તેઓ વિવિધ મંચો તેમજ કાર્યક્રમોમાં નેતાજીની ભૂમિકા અને તેમના કાર્યો હંમેશા યાદ કરતા હતા. નેતાજીના ગુમ થવા સંબંધીત મુદ્દાઓનો જવાબ આપવામાં પણ તેઓ સક્રિય રહેતા હતા અને પરિવારના મંતવ્યો પ્રજા સુધી પહોંચાડતા હતા.

### મુખ્ય ચૂંટણી કમીશ્નરની આકરી ટકોર

# એક્ઝિટ પોલ્સ અંગે ન્યૂઝ ચેનલોએ આત્મનિરીક્ષણ કરવાની જરૂર

## ન્યૂઝ બ્રોડકાસ્ટિંગ એન્ડ ડિજિટલ સ્ટાન્ડર્ડ ઓથોરિટી જેવા એસોસિયેશનોએ થોડું આત્મનિરીક્ષણ કરવું જોઇએ

નવી દિલ્હી, તા.૧૬

ચૂંટણીના એક્ઝિટ પોલ્સ અને મતગણતરીને દિવસે પ્રારંભિક ટ્રેન્ડ દર્શાવવાની મીડિયાની રીતસમોની આકરી ટીકા કરતાં મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું હતું કે એક્ઝિટ પોલ અપેક્ષાઓ વધારીને મોટો ભ્રમ ઊભો કરે છે અને આ મુદ્દે મીડિયા અને ખાસ કરીને ઈલેક્ટ્રોનિક મીડિયાએ આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે. મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીની તારીખની જાહેર કરવાની પ્રેસ કોન્ફરન્સમાં તેમણે જણાવ્યું હતું કે અમે એક્ઝિટ પોલ્સનું નિયમન કરતાં નથી, પરંતુ આત્મિનિરીક્ષણ કરવાની જરૂરિયાત છે.એક્ઝિટ પોલ્સ માટેની સેમ્પલ સાઈઝ કઈ છે, સરવે કયા કરવામાં આવ્યો છે, તારણો કેવી રીતે કાઢવામાં આવ્યા છે, મારી જવાબદારી શું છે, જો વાસ્તવિક રિઝલ્ટ મુજબ તારણ ન આવે તો ડિસ્ક્લોઝર આ તમામ બાબતો અંગે વિચારણા કરવાની જરૂરી છે. ન્યૂઝ બ્રોડકાસ્ટિંગ એન્ડ ડિજિટલ સ્ટાન્ડર્ડ ઓથોરિટી જેવા એસોસિયેશનોએ થોડું આત્મનિરીક્ષણ કરવું જોઈએ. એક્ઝિટ પોલ્સનું સંચાલન કરતી સંસ્થાઓ છે, મને ખાતરી છે કે એક્ઝિટ પોલ્સનું નિયમન કરતા એસોસિયેશનનો કે સંસ્થાઓએ આત્મનિરીક્ષણ કરવાનો સમય આવી ગયો છે. તેમણે જણાવ્યું હતું કે સામાન્ય રીતે મતદાન પૂરું થાય તેના ત્રીજા દિવસે મત ગણતરી થાય છે.

### કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજમાં

# મહિલા ડોક્ટરના બળાત્કાર, હત્યા કેસમાં અત્યંત ગંભીરતાથી તપાસ થઈ રહી છે: સીબીઆઇ

## સીબીઆઇએ બેન્ચને જણાવ્યું હતું કે, કેસમાં ૭ ઓક્ટોબરે આરોપી સંજય રોય સામે ચાર્જશીટ ફાઇલ કરવામાં આવી હતી

નવી દિલ્હી, તા.૧૬

સીબીઆઈએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે, કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજમાં મહિલા ડોક્ટરના બળાત્કાર અને હત્યા કેસની તપાસ ‘અત્યંત ગંભીરતાપૂર્વક’ ચાલી રહી છે. સીબીઆઈ વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ મંગળવારે ચીફ જસ્ટિસ ડી વાય ચંદ્રચુડની બેન્ચને તપાસ એજન્સીનો પાંચમો સ્ટેટસ રિપોર્ટ સુપરત કર્યો હતો.સીબીઆઈએ બેન્ચને જણાવ્યું હતું કે, “કેસમાં ૭ ઓક્ટોબરે આરોપી સંજય રોય સામે ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી હતી. કેસની તપાસ અત્યંત ગંભીરતાપૂર્વક ચાલી રહી છે.” સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે, “સીબીઆઈના અહેવાલમાં જણાવ્યા અનુસાર તપાસ એજન્સી કેસમાં અન્ય લોકોની ભૂમિકા ચકાસી રહી છે.” કોર્ટે સીબીઆઈ પાસે ત્રણ સપ્તાહમાં સ્ટેટસ રિપોર્ટની વધુ વિગત માંગી હતી. દરમિયાન કોર્ટે આ મુદ્દે રચાયેલા નેશનલ ટાસ્ક ફોર્સ (એનટીએફ)ની ધીમી પ્રગતિ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. કેસની સુનાવણી હજુ ચાલુ છે. ઉલ્લેખનીય છે કે, કોલકાતા હાઈકોર્ટે ૧૩ ઓગસ્ટે કેસની તપાસ કોલકાતા પોલીસ પાસેથી લઈ સીબીઆઈને ટ્રાન્સફર કરી હતી. સીબીઆઈ દ્વારા ૧૪ ઓગસ્ટથી તપાસ શરૂ કરાઈ હતી.સુપ્રીમ કોર્ટે ૧૭ સપ્ટેમ્બરે જણાવ્યું હતું કે, સીબીઆઈના સ્ટેટસ રિપોર્ટના તારણોથી તે વિચલિત છે. જોકે, રિપોર્ટની વિગત આપવાનો કોર્ટે ઈનકાર કર્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે, વિગત જાહેર કરવાથી તપાસ પર અસર થઈ શકે. સુપ્રીમ કોર્ટે ૯ સપ્ટેમ્બરે મૃત્યુ પામેલી મહિલા ડોક્ટરના મૃતદેહને પોસ્ટમોર્ટમમાં મોકલતી વખતે અપાતા મહત્વના દસ્તાવેજ ‘ચલણ’ની ગેરહાજરી અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેણે પશ્ચિમ બંગાળ સરકાર પાસે આ મુદ્દે રિપોર્ટ માંગ્યો હતો. કોર્ટે ૨૨ ઓગસ્ટે મહિલા ડોક્ટરના અકુદરતી મૃત્યુની નોંધણીમાં વિલંબ માટે કોલકાતા પોલીસની ઝાટકણી કાઢી હતી. સુપ્રીમ કોર્ટે મહિલા ડોક્ટરના બળાત્કાર અને હત્યાના કેસમાં કડક વલણ અપનાવ્યું છે. તેણે કેસમાં એફઆઈઆર નોંધવામાં વિલંબ માટે પશ્ચિમ બંગાળ સરકારને ઉગ્ર ઠપકો આપ્યો હતો.

# નાના માચીયાળા : મોટી ડેલીનાં મહેમાન બનતાં પૂર્વ ગૃહમંત્રી ઝડફીયા






અમરેલી નજીક આવેલ નાના માચીયાળા ખાતે તાલુકા પંચાયતનાં પૂર્વ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાલની મોટી ડેલી ખાતે પૂર્વ ગૃહમંત્રી ગોરધન ઝડફીયા, સાંસદ ભરત સુતરીયા, લાઠીનાં ધારાસભ્ય જનક તળાવીયા મહેમાન બન્યા હતા અને તેઓએ સુપ્રસિધ્ધ ભીમનાથ મહાદેવ મંદિરે ધ્વજારોહન કરી ધન્યતા અનુભવી હતી.

### શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાં વરસાદને કારણે પાણી ભરાયા

## બગસરામાં વીજળીના કડાકા ભડાકા સાથે અડધો કલાકમાં અડધો ઈંચ ધોધમાર વરસાદ

### શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પણ ધોધમાર વરસાદ

બગસરા, તા. ૧૬

બગસરા શહેરમાં સવારથી અસહ્ય ગરમીને કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. બપોર બાદ બગસરા તેમજ આજુબાજુના ગામો જેવા કે સાપર, સુડાવડ, મૂંજીયાસર, રાફળા, માણેકવાડા, જેવા ગામોમાં વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. જેના હિસાબે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. અને શહેરના મુખ્ય માર્ગો ઉપર જાણે નદી વહેવા લાગી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. જયારે ખેડૂતોની માઠી દશા બેસી ગઈ છે. બે દિવશ પહેલા જ ૩.૫ ઈંચ જેવો વરસાદ પડેલ હતો ત્યાર બાદમાં એક



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

દિવશના વિરામ બાદ આજે ફરી પાછો અડધી કલાકમાં અડધો ઈંચ વરસાદ પડ્યો હતો. જેના પગલે ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે. અને કુદરતે જાણે મોઢામાં આપેલ કોળિયો છીનવી લીધો હોય તેમ કપાશ, માંડવી તેમજ સોયાબીન જેવા પાકોમાં વ્યાપક નુકશાન થયું છે. જેના લીધે ખેડૂતો પાયમાલ થઈ ગયા છે.

### સામાન્ય બાબતને લઈને માથાકૂટનું પ્રમાણ વધ્યુ

## રાજુલાનાં માંડળ ગામે પશુપાલક અને ખેડૂત વચ્ચે પીવાના પાણી બાબતે માથાકૂટ

### પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧૬

રાજુલા તાલુકાના માંડળ ગામે રહેતા મુકેશભાઈ વશરામભાઈ હડીયા નામનાં ૩૯ વર્ષિય ખેડુત ગત તા. ૧૫ ના રોજ બપોરના આશરેક ત્રણેક વાગ્યાના અરસામાં પોતાની વાડીએ કપાસમાં દવાનો છંટકાવ કરવા માટે ગયેલ હોય. જે દરમ્યાન તે જ ગામે રહેતા આરોપી કાનાભાઈ નાથાભાઈ વાકિયા ખેડૂતની વાડીના શેઢે ઘેટા બકરા ચરાવતા હોય અને તેમણે પીવાનું પાણી માંગતા ખેડૂત પાસે પાણી ન હોવાથી આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈને યુવકને જેમ ફાવે તેમ ગાળો આપી શરીરના ભાગે તથા હાથ, પગના, સાંથળ તેમજ ખંભાના ભાગે લાકડી વડે માર મારી ડાબા પગના ઘુંટીના ઉપરના ભાગે ફેકચર કરી દીધાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

તો આ જ બનાવમાં સામાપક્ષે કાનાભાઈ નાથાભાઈ વાકિયા ડુંગર પરડા ગામે જવાના કાચા રસ્તે ઘેટા બકરા ચરાવતા હોય અને પોતાને પાણીની તરસ લાગતા મુકેશભાઈ વશરામભાઈ હડીયાની વાડીએ પાણીનો બાટલો ભરવા જતા તેમને પકડી રાખેલ અને ત્યાં નરશીભાઈ પાતાભાઈ હડીયા હાજર હોય તેમણે હાથમાં રહેલ લોખંડની ટી કાનાભાઈને માથાના ભાગે મારતા તે નીચે પડી જઈ બેભાન થઈ નીચે પડી જતા શરીરના ભાગે તથા હાથ, પગના તેમજ વાસાના ભાગે ત્રણ ટાંકા તેમજ ફેકચર કરી દીધાની પોલીસમાં સામી ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં કડકા–ભડાકા સાથે**

કડાકા એટલા ભયાનક હતા કે લોકો પણ હતપ્રત બની ગયા હતા અને બાળકોમાં મીઠી કિકિયારીઓ સતત શરૂ થઈ હતી. સામાન્ય રીતે ચોમાસા દરમિયાન થતાં વીજળીના કડાકા સાંભળતા હોય છે. પરંતુ આજે આકાશમાંથી સ્પાર્કલિંગ કરંટ કંઈક અલગ જ જોવા મળ્યો હતો. ૧ કલાક સુધી થયેલા વીજળીના કડાકાએ વાતાવરણ ભયભીત કરી દેતાની સાથે સન્નાટો છવાયો હતો અને વીજળીના ડરામણા કડાકાએ સામ્રાજય જમાવ્યું હતું. આંબરડી નજીક આવેલ બાગોયા ગામે બચુભાઈ દરબારની માલિકીની ભેંસ ઉપર વીજળી પડતા કિંમતી ભેંસનું મોત થયું હતું. તો વીજળીથી કેટલાય ઈલેકિટ્રક ઉપકરણોને પણ નુકશાન થયાના અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે. તો આંબરડી–અભરામપરા વચ્ચે એક તોતિંગ વૃક્ષ ધરાશાયી થઈ ગયુ હતુ. વરસાદ અને પવનથી ખેતીપાકને નુકસાન થવા પામેલ. સદનસીબે અન્ય કોઈ જાનહાની થયેલ નથી એમ સુભાષ સોલંકીની એક યાદીમાં જણાવ્યું હતું.

**બાબરા**

બાબરામાં આ વર્ષે ખૂબ સારો વરસાદ પડતાં કપાસ મગફળી, મગ, અડદ સહિતના ખેત પેદાશોનું સારૂં એવું ઉત્પાદન થયું છે અને હાલ ખેડૂતો પૂરતી મોસમ લઈ રહ્યા છે. ત્યારે વરસાદ જાણે બધું વેરાન કરવા આવ્યો હોય તેમ વરસતા ખેડૂતો માટે આભ ફાટયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

દિવાળીના તહેવાર નજીક હોવાથી ઓરવેલા કપાસ અને મગફળીના પાકો ખેડૂતો ઉતારી યાર્ડ તરફ વેચાણ માટે લાવી રહ્યા છે. કારણ જે રકમ આવે તેમાંથી દાડિયા તેમજ દવાના વેપારીઓને ચૂકવવાના હોય છે તેમજ દિવાળી તહેવારો હાથ ખર્ચી માટે જરૂરી હોય છે.

પણ કમોસમી ખેડૂતોને મોઢે આવેલ કોળિયો આંચકી લઈ રહ્યા છે બધો પાક તૈયાર થઈ ગયો છે સિમ વિસ્તારમાં મગફળીના હલરો હાલી રહ્યા છે તેમજ કપાસ વીણવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

તેમાં વરસાદ પડતાં કપાસ અને મગફળી પલળી જતા પાક બગડી જવાની અને ખેડૂતો વેચાણ નહિ કરી શકે જેના કારણે મોટું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવી રહ્યો છે.

બાબરા શહેર સહિત ચમારડી, વાવડી, ધરાઈ, દરેડ, ખાખરીયા, ગલકોટડી, ચરખા, પીપળીયા, જામબવાલા, કરીયાણાં સહિતના ગામોમાં વીજળીના કડાકા ભડાકા અને સાથે સુપડાની ધારે વરસાદ પડી રહ્યો છે.

**ખાંભા**

ખાંભા શહેરમાં બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યો અને વાદળ છાયા વાતાવરણ વચ્ચે ધોધમાર વરસાદ પડયો હતો. ધોધમાર વરસાદ પડવાના પગલે ખાંભા શહેરના રોડ રસ્તા ઉપર વરસાદી પાણી ફરી વળ્યા હતા અને ખાંભાના ગ્રામ્ય વિસ્તારો ગીદરડી, પીપળવા, ભાણીયા સહિતમાં ધોધમાર વરસાદ ખાબકીયો હતો. ભાણીયા ગામની સ્થાનિક નદીમાં વરસાદ પડવાના પગલે પુર આવ્યું હતું ત્યારે આ કમોસમી વરસાદથી ખેડૂતોના પાક કપાસ, મગફળી, સોયાબીન, તલ સહિતના પાકને નુકસાની જવાની ભીતિ સેવાઈ રહી છે. ત્યારે કંઈક ને કંઈક જગતના તાત ઉપરથી કુદરત રૂઠયો હોય એવું લાગી રહ્યું છે.

### ''શરદ પુનમ'' કવિતા

શરદ પુનમ તેમ ઝળહળે
સૌ સાથે સ્નેહ ભાવથી મળે...!
દૂધ પૌઆમાં સાકળ ભળે
શિત ચાંદની તેમાં મળે...!
ચાંદામામ જાણો પ્રેમે મળે
રાસ ગરબામાં સંગીત ભળે...!
ખેલૈયાનો થનગનાટ ભળે
''શરદ'' પૂનમથી ધન્યતા મળે...!
કવિ – શરદકુમાર ધીરજલાલા દવે.
''શાસ્ત્રી'' ભાગવત કથાકાર
હસ્તરેખા – જયોતિષ સલાહકાર
અમરેલી મો. ૯૪૨૭૮ ૧૭૦૬૭
ફોન – ૦૨૭૯૨ – ૨૨૭૯૧૮

### મહારાષ્ટ્ર વિધાનસભા ચુંટણીમાં મળી મહત્વની જવાબદારી

## બાબરાનાં વતની અને ભાજપ અગ્રણી એમ.ડી. માંજરીયાને ''પાલઘર'' વિધાનસભાનાં નિરીક્ષક બનાવાયા

### રાષ્ટ્રીય ભાજપ સમર્થનમંચ દ્વારા સોંપાઈ જવાબદારી

અમરેલી, તા. ૧૬

બાબરાનાં વતની અને રોજકોટ સ્થિત રાષ્ટ્રીય ભાજપ સમર્થનમંચના અગ્રણી એમ.ડી. માવજરીયાને મહારાષ્ટ્ર વિધાનસભાની ચુંટણીમાં "પાલઘર" વિધાનસભાના નિરીક્ષક તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.



તેઓને પ્રદેશ ભાજપ સંગઠન સાથે સંકલનમાં રહીને પક્ષનાં ઉમેદવારોને વિજેતા બનાવવા રણનીતી તૈયાર કરશે.

આમ, અમરેલી જિલ્લાનાં વતનીને મહારાષ્ટ્ર વિધાનસભાની ચુંટણીમાં ભાજપ તરફથી મહત્વની જવાબદારી મળતાં મિત્રો શુભેચ્છકોએ શુભકામના પાઠવી છે.

### પુજય ઉદયબાપુના સાંનિધ્યમાં

## ચલાલામાં આજે મા મેલડીમાનો પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ રંગે ચંગે ઉજવાશે

### મેલડીમા સેવા ગૃપ દ્વારા આયોજન

ચલાલા, તા. ૧૬

આવતીકાલે શરદ પૂર્ણિમાના પાવન દિવસે પુજય ઊદયબાપુના સાન્ધિયમાં મેલડી મા સેવા ગ્રુપ દ્વારા તા. ૧૭/૧૦/૨૪ ગુરૂવારના ધારી બગસરા હાઈવે રોડ ક્રોસ પર ઊદયબાપુના પેટ્રોલપંપ પાછળ સવારના ૯ કલાકથી સાંજના ૫ કલાક સુધી જગદંબા મા મેલડીમાની પુન : પ્રતિષ્ઠા મહોત્સવ રંગે ચંગે ઉજવાશે. માતાજીની આરાધના, ગરબા અને ગુણગાન ખુબ ભાવ પુર્વક ગવાશે. તેમજ રાત્રી ૯ કલાક થી માતાજીની ધુન સાથે ભજન કિર્તન અને સંતવાણીની રમઝટ કલાવૃંન્દના કલાકારો બોલાવશે. આ અનેરા શુભ જંગદબા મેલડીમાનાની પુન પ્રતિષ્ઠા મહોત્સવમાં શહેરજનોને ઉપસ્થિત રહેવા પુજય ઉદયબાપુ ભગતે જાહેર નિમંત્રણ પાઠવે છે.


### ''ના વાંધા પ્રમાણપત્ર''(એન.ઓ.સી.)બાબતે

આથી જણાવવામાં આવે છે કે, અમો જગદીશભાઈ પ્રેમજીભાઈ નાકરાણી, મુખ્ય પ્રયોજક સુચિત શ્રી તાલુકા કુષિ સેવા સહકારી મંડળી લી. મુ. પ્લોટ નં.૬૯, ભગવતીધામ સોસાયટી, બાબરા, તા.બાબરા, જિ.અમરેલીનું કાર્યક્ષેત્ર અમરેલી જિલ્લા બાબરા તાલુકાના તમામ ગામો અને બાબરા શહેરી વિસ્તાર પુરતું રાખેલ હોય, જેની નોંધણી દરખાસ્ત બાબતે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સાહેબ, સહકારી મંડળીઓ–અમરેલીને નોંધણી માટે દરખાસ્ત કરવામાં આવનાર હોવાથી આ સુચિત મંડળીના સુચિત કાર્યવિસ્તારમાં આવેલ આવા જ પ્રકારની તમામ સહકારી મંડળીઓ તથા સંબંધીત સંસ્થાઓને વાંધા સુચનો હોય તેમણે આ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી લેખીતમાં રજુઆત દિન–૦૭ માં અમોને નીચેનાં સરનામે અથવા તો જિલ્લા રજિસ્ટ્રાર સાહેબશ્રી, સહકારી મંડળીઓની કચેરી, સી–બ્લોક, ત્રીજો માળ, બહુમાળી ભવન અમરેલીની કચેરીમાં કચેરી સમય દરમ્યાન રજુ કરવા અનુરોધ કરવામાં આવે છે.

તા.૧૫/૧૦/૨૦૨૪

સ્થળ :– બાબરા

<u>વાંધા સ્વિકારવાનું સ્થળ:</u>

(૧) સુચિત શ્રી બાબરા તાલુકા કૃષિ સેવા સહકારી મંડળી લિ.
સરનામુ : પ્લોટ નં.૬૯, ભગવતીધામ સોસાયટી, તા.બાબરા, જિ.અમરેલી.

(૨) જિલ્લા રજિસ્ટ્રાર સાહેબશ્રી, સહકારી મંડળીઓ, બ્લોક – સી, ત્રીજો માળ, બહુમાળી ભવન, અમરેલી.


### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૪૫ | ૧૫૫૩ |
| ૨ | મગફળી | ૬૦૦ | ૯૦૦ |
| ૩ | અડદ | ૯૦૦ | ૧૩૦૫ |
| ૪ | સોયાબીન | ૬૫૦ | ૮૧૧ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૦૦ | ૧૧૨૦ |
| ૨ | શિંગ મોટી | ૭૦૦ | ૧૨૫૧ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૩૦ | ૧૪૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૭૫ | ૨૫૩૫ |
| ૫ | તલ કાળા | ૨૮૦૦ | ૩૬૧૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૫૦૦ | ૩૦૩૫ |
| ૭ | બાજરો | ૪૧૨ | ૪૬૦ |
| ૮ | જુવાર | ૪૧૫ | ૭૩૨ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૫૬ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૪૧ | ૬૩૨ |
| ૧૧ | મકાઈ | ૫૦૦ | ૫૧૪ |
| ૧૨ | મગ | ૭૧૫ | ૧૪૭૫ |
| ૧૩ | અડદ | ૯૦૦ | ૧૫૪૦ |
| ૧૪ | ચણા | ૮૭૭ | ૧૪૫૬ |
| ૧૫ | કપાસ | ૮૪૦ | ૧૬૦૧ |
| ૧૬ | એરંડા | ૧૨૨૫ | ૧૨૫૫ |
| ૧૭ | જીરૂ | ૨૦૦૦ | ૪૫૫૦ |
| ૧૮ | રાયડો | ૮૩૦ | ૧૧૦૫ |
| ૧૯ | ધાણા | ૧૦૦૦ | ૧૪૨૦ |
| ૨૦ | મેથી | ૧૦૨૨ | ૧૧૦૫ |
| ૨૧ | સોયાબીન | ૬૧૨ | ૮૮૯ |
| ૨૨ | રજકાનું બી | ૪૦૦૦ | ૫૪૮૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૦ | ૧૫૯૦ |
| ૨ | કપાસ કોડી | ૯૬૦ | ૧૨૩૦ |
| ૩ | મગફળી નવી | ૮૭૫ | ૧૦૫૫ |
| ૪ | મગ | ૧૩૪૦ | ૧૫૯૦ |
| ૫ | અડદ | ૧૨૩૦ | ૧૩૮૦ |
| ૬ | ઘઉં | ૪૬૧ | ૬૦૯ |
| ૭ | સોયાબીન | ૭૫૯ | ૮૧૧ |
| ૯ | તલ સફેદ | ૨૦૫૫ | ૨૩૮૫ |
| ૧૦ | તલ કાળા | ૨૯૯૦ | ૩૩૦૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૦૦ | ૧૦૫૧ |
| ૨ | શીંગ મોટી | ૭૦૦ | ૧૧૫૩ |
| ૩ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૪૫૫ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૩૪૫૦ |
| ૫ | જીરૂ | ૪૦૦૦ | ૪૫૫૧ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૫૯૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૯૧ | ૫૯૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૨૫ |
| ૯ | બાજરો | ૪૫૦ | ૫૩૧ |
| ૧૦ | જુવાર | ૫૯૦ | – |
| ૧૧ | અડદ | ૧૨૨૧ | ૧૮૫૦ |
| ૧૨ | ચણા | ૧૧૦૦ | ૧૪૧૨ |
| ૧૩ | સોયાબીન | ૬૮૦ | ૮૩૦ |

### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૯ | ૧૫૬૨ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૭૦ | ૧૧૬૩ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૧૯૯ | ૧૫૩૫ |
| ૨ | ચણા | ૯૧૧ | ૯૧૧ |
| ૩ | તલ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૪ | જુવાર સફેદ | ૬૦૦ | ૬૦૦ |
| ૫ | અડદ | ૧૧૦૦ | ૧૧૫૨ |
| ૬ | તુવેર | ૧૨૮૦ | ૧૨૮૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૯૭ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૧૨ |
| ૪ | જુવાર | ૫૦૫ | ૬૭૦ |
| ૫ | ચણા | ૯૦૭ | ૧૪૦૫ |
| ૬ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૭ | અડદ | ૧૧૨૫ | ૧૪૨૧ |
| ૮ | ધાણા | ૧૧૦૦ | ૧૧૯૫ |
| ૯ | સોયાબીન | ૬૦૦ | ૯૭૫ |
| ૧૦ | બાજરો | ૪૦૪ | ૪૨૪ |
| ૧૧ | મગફળી | ૬૪૫ | ૯૨૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૦૨૫ | ૧૨૯૦ |
| ૧૩ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૨૦૦ |
| ૧૪ | મગ | ૧૩૬૯ | ૧૩૬૯ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૯૩૬ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૩૪૦ |
| ૩ | કપાસ | ૧૦૫૦ | ૧૫૨૫ |
| ૪ | બાજરો | ૪૫૫ | ૫૭૪ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૩૬ |
| ૬ | જુવાર | ૪૧૨ | ૮૦૦ |
| ૭ | મકાઈ | ૫૦૧ | ૫૦૧ |
| ૮ | મગ | ૧૨૧૨ | ૧૪૦૦ |
| ૯ | અડદ | ૧૦૬૦ | ૧૪૦૧ |
| ૧૦ | તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૧ | ચણા | ૧૨૦૧ | ૧૪૩૬ |
| ૧૨ | જીરૂ | ૩૯૦૦ | ૩૯૦૦ |
| ૧૩ | અજમા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૧૪ | ચોળી | ૮૨૫ | ૮૨૫ |
| ૧૫ | સોયાબીન | ૮૦૦ | ૮૨૬ |
| ૧૬ | ધાણા | ૯૭૧ | ૯૭૧ |
| ૧૬ | રજકાબી | ૪૦૫૦ | ૪૦૫૦ |

# બાબરામાં તાલુકા કુમાર શાળામાં ટીપીઓના અધ્યક્ષ સ્થાને શિક્ષિકા કુંદનબેન હીરાણીનો વિદાય સમારંભ યોજાયો





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરામાં પી એમ તાલુકા કુમાર શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા કુંદનબેન હીરાણી વય મર્યાદાના કારણે નિવૃત થતા તાલુકા શાળા પરિવાર દ્વારા તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી સોનિયાબેન કોટડીયાના અધ્યક્ષ સ્થાને વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે કેળવણી નિરીક્ષક ભૂપતભાઈ દોમડીયા તેમજ શાળાના શિક્ષકો વિપુલભાઈ ત્રિવેદી સહિતના સ્ટાફ તેમજ શાળા કમિટીના સભ્ય પ્રકાશભાઈ રાઠોડ, કન્યા શાળાના આચાર્ય અમિતભાઈ દસલાણીયા, દિવ્યાબેન ગીડા વગેરે ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભુપતભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર દ્વારા શાળાના શિક્ષિકા કુંદનબેન હીરાણી દ્વારા ૩૦ વરસ થી વધુ સમય ફરજ બજાવેલ તેના શિક્ષણ કાર્યને યાદ કરી નિવૃત્તિ સમયની શુભેચ્છાઓ પાઠવી સન્માન પત્ર એનાયત કરી શ્રીફળ અને સાલ આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

### લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા

## ભૂરખીયા મુકામે વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

### રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈનો આર્થિક સહયોગ રહ્યો

અમરેલી, તા. ૧૬

ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટ - ભુરખીયાના પ્રમુખ અને ટ્રસ્ટીઓનું બહુમાન કરવામાં આવ્યું. લાયન્સ કલબ ઈન્ટરનેશનલના સાઈટ ફર્સ્ટ પ્રોજેકટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભૂરખિયા હનુમાનજી ટ્રસ્ટ તથા ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તેમજ રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર - મુંબઈના આર્થિક સહયોગ દ્વારા અને સુદર્શન નેત્રાલયના સહયોગથી ૭૯મો વિનામૂલ્યે નેત્રનિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ભુરખિયા હનુમાનજી મંદિર મુકામે તા. ૧૬/૧૦/૨૦૨૪ને બુધવારે આયોજન કરવામાં આવેલ હતું. નેત્રનિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દીપપ્રાગટય ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ દુષ્યંતભાઈ પારેખ દ્વારા કરવામાં આવેલ હતું અને તેઓએ કેમ્પને શુભેચ્છાઓ પાઠવી હતી અને વધુમાં વધુ આવા કેમ્પના આયોજન કરી મહત્તમ લાભાર્થીઓ સુધી પહોંચવા અપીલ કરી હતી. લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ દુષ્યંતભાઈ પારેખ તેમજ મુંબઈથી ખાસ પધારેલ ટ્રસ્ટી કૌશિકભાઈ પારેખ, જયેન્દ્રભાઈ પારેખ, સુધીરભાઈ પારેખ, લક્ષ્યભાઈ પારેખ વગેરેનું શાલ અને પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં આંખના તમામ રોગોની તપાસ નિષ્ણાત ડોકટર ગીરીશભાઈ ચિત્રોડા દ્વારા કરવામાં આવેલ હતી. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને મોતિયાના ટાંકા



વગરના ઓપરેશન કરી નેત્રમણી આરોપણ કરી આપવામાં આવેલ હતા. તેમજ નેત્ર જાળ વણી અને જાગૃતિ અંગેની પત્રિકાનું પણ આજુબાજુના ગામડામાં વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૧૯૪ દર્દીઓએ લાભ લીધો હતો અને ૩૫ દર્દીઓને અમરેલી સુદર્શન નેત્રાલયમાં લાવી નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. જરૂરિયાતમંદ વ્યક્તિઓના આંખના નંબર ચેક કરી ૨૬ વ્યક્તિઓને ચશ્મા વિતરણ પણ કરવામાં આવેલ હતું.

આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના પ્રમુખ લાયન મનોજભાઈ કાનાણી, લાયન એમ.એમ.પટેલ, લાયન બિમલભાઈ રામદેવપુત્રા, લાયન સાહસભાઈ ઉપાધ્યાય, લાયન શરદભાઈ વ્યાસ તેમજ સુદર્શન નેત્રાલય તરફથી ડો. ગીરીશભાઈ ચિત્રોડા, નિલેશભાઈ ભીલ, કમલેશભાઈ ધોરડા, હિંમતભાઈ કાછડીયા અને તેમની ટીમ તેમજ ભુરખીયા હનુમાનજી મંદિરના પ્રમુખ દુષ્યંતભાઈ પારેખ, અનિલભાઈ પારેખ, સંચાલક ગોપાલભાઈ ચુડાસમા, દેવજીભાઈ સિંધવ વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ની યાદી જણાવે છે.

## સાવરકુંડલા : ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં હિમોગ્લોબીન ટેસ્ટનું આયોજન




સાવરકુંડલા, તા. ૧૬

તારીખ ૧૫/૧૦/૨૪ થી ૧૬/૧૦/૨૪ દરમિયાન નુતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી.ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં 'વિકાસ સપ્તાહ' અંતર્ગત હિમોગ્લોબીન ટેસ્ટનું આયોજન કરાયું, જેમાં રેડક્રોસ સોસાયટીના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ તથા ઊર્મિબેન મકવાણાએ કુલ ૧૨૭ બહેનોનો હિમોગ્લોબીન ટેસ્ટ કર્યો. મેહુલભાઈ વ્યાસે તથા પ્રા.ડો. ઢકસાનાબેન કુરેશીએ આ કાર્યક્રમ સ્પોન્સર કર્યો. કાર્યક્રમના સંયોજક તરીકે પ્રા. છાયાબેન શાહે ભૂમિકા ભજવી. કાર્યક્રમના આયોજનમાં કોલેજના પ્રિન્સિપાલ ડી. એલ. ચાવડા મહત્વની ભૂમિકા ભજવી. સમગ્ર સ્ટાફ તથા વિદ્યાર્થીનીઓના સહયોગથી કાર્યક્રમ સફળ બન્યો.

## સાવરકુંડલા : મહિલા આર્ટસ કોલેજમાં ઉજવાયું વિકાસ સપ્તાહ



સાવરકુંડલા, તા. ૧૬

નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી. ડી. ઘેલાણી મહિલા આટર્સ કોલેજમાં વિકાસ સપ્તાહ અંતર્ગત તારીખ ૧૪/૧૦/૨૪ના રોજ ભીંતચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૧૧ બહેનોએ ભાગ લીધો હતો તેમાં પ્રથમ નંબર નગવાડિયા દિવ્યા, દ્વિતીય નંબર દાફડા, ધર્મિષ્ઠા તથા ચોટલીયા તૃપ્તિ, અને તૃતીય સ્થાન પર બકરાણિયા જાનવી તથા ચુડાસમા દિવ્યા પ્રાપ્ત કરે છે આ સ્પર્ધાનું આયોજન તથા માર્ગદર્શન ડો. પ્રતિમા એમ શુકલએ કર્યુ હતું આ કાર્યક્રમમાં કાયકારી આચાર્ય ડી. એલ. ચાવડા બહેનોને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં અદયાપક મિત્રોનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

### શહેરનાં હાર્દસમા ડો. જીવરાજ મહેતા ચોકમાં આવેલ

## અમરેલીમાં ચશ્માનાં આધુનિક શો-રૂમ 'રાજ ચશ્મા'નો આજે ૨૬માં વર્ષમાં મંગલ પ્રારંભ

### ગ્રાહકો માટે દિવાળી નિમિતે ધમાકા ઓફર શરૂ

અમરેલી, તા. ૧૬

અમરેલીનાં હાર્દસમા ડો. જીવરાજ મહેત ચોકમાં આવેલ શહેર ઉપરાંત જિલ્લામાં લોકપ્રિય બનેલ "રાજ ચશ્મા" શો-રૂમના આવતીકાલ ગુરૂવારે ૨૬ મા વર્ષમાં પ્રવેશ થઈ રહયો છે.

શો-રૂમ દ્વારા ગ્રાહકો માટે વર્ષગાંઠ અને દિવાળી નિમિતે નંબરવાળા ચશ્મા અને બ્રાન્ડેડ ગોગલ્સની ખરીદી ઉપર ૨૦ થી ૧૦૦ ટકા સુધીનું શ્યોર ડીસ્કાઉન્ટ ઓફર કરવામાં આવેલ છે.

"રાજ ચશ્મા" શો-રૂમ દ્વારા ગ્રાહકોને સારી એવી સર્વિસ, વ્યાજબી ભાવ, ઉતમ કવોલીટી આપવામાં આવી રહી હોવાથી જિલ્લાભરનાં ગ્રાહકોમાં "રાજ ચશ્મા" શો-રૂમ લોકપ્રિય બની ગયો છે.




### ડીએમઈ દવેની સંગાથે

## અંતે અમરેલીનાં એસ.ટી.નાં નિયામક પી.પી. ધામાની બદલી

### નવા નિયામક તરીકે સોલંકીની વરણી


અમરેલી, તા. ૧૬

ભારે વિવાદના અંતે અમરેલીના એસટી નિયામક પી.પી. ધામા અને ભુજ ખાતે બદલી કરવામા આવેલ છે તેમજ અમરેલી એસટી વિભાગના ડીએમઈ દવે ને જુનાગઢ ખાતે મુકવામાં આવ્યા છે જયારે અમરેલીના નવા વિભાગીય નિયામક તરીકે એ.જી. સોલંકીને મુકવામાં આવ્યા છે. એસટી અધિકારીઓની મોટા ભાગની જગ્યા ઈન્ચાર્જથી ચલાવાય છે વિભાગીય નિયામકની પોસ્ટ ઉપર ચારોલા નિવૃત થયા પછી અમરેલી ખાતે ઈન્ચાર્જને જ નિમણુંક અપાય છે અમરેલી સ એસટી વિભાગ વિવાદોના મધપુડા સમાન છે કોઈપણ નવા વિભાગીય નિયામક માટે કપરા ચઢાણ છે ૪૦ ટકા કર્મચારીઓ કામચોર હોવાના પરિણામે હંમેશા આ એસટી વિભાગ પંકાયેલો રહયો છે.

### ગ્રીન એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

## ખાંભામાં દાતાઓનાં સહયોગથી જરૂરિયાતમંદોને મિઠાઈ વિતરણ

### ૭૦ પરિવારોમાં દશેરામાં મુદતનો માહોલ છવાયો



અહેવાલ : ભાવિક કલસરીયા-ખાંભા

ખાંભા, તા. ૧૬

ખાંભા શહેરમાં ગ્રીન ગ્રુપ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અને દાતાઓના સાથ સહકારથી નિરાધાર અને જરૂરિયાત મંદ પરિવારને ફીમાં દશેરા નિમિતે મીઠાઈ આપવામાં આવી ખાંભા ગ્રીન ગ્રુપ એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આજે દશેરા નિમિતે નિરાધાર બાળકો, સિનિયર સિટીજન, જરૂરિયાત મંદ પરિવારને મીઠાઈ તેમજ ફરસાણનું વિતરણ કરવામાં આવ્યું હતું ખાંભાના ૭૦ જેટલાં પરિવારમાં ગ્રીન ગ્રુપ દ્વારા દશેરા નિમિતે મીઠાઈ આપી ખુશી વ્યકત કરી હતી. સાથે ૫૦ થી ૭૦ જેટલા બાળકો ને જલેબી અને ફાફડી નું ભોજન કરાવવું હતું આવા પરિવારના ખુશીના સહભાગી બન્યા હતા ગ્રીન ગ્રુપ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અનેક પ્રકારના આવી સેવાકિય પ્રવૃત્તિ કરવામાં આવે છે અને ખાંભા શહેરના દાતાઓ હરમેશને માટે ગ્રીન ગ્રુપ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટની સાથે ઊભા રહે છે અને સહકાર આપે છે તે બદલ ખાંભા શહેરના દાતાઓનો ગ્રીન ગ્રુપ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ આભાર માને છે દશેરાના તહેવાર નિમિત્તે મીઠાઈ વિતરણમાં ગ્રીન ગ્રુપના તમામ સભ્ય જોડાયા હતા અને સેવા આપી હતી.

## ખાંભામાં ક્ષત્રિય સમાજના યુવાનોએ શસ્ત્ર પૂજન કર્યુ

અહેવાલ : ભાવિક કલસરીયા-ખાંભા



ખાંભા, તા. ૧૬

ખાંભા શહેરમાં વિજયાદશીના દિવસે ક્ષત્રિય સમાજના યુવાનોએ શસ્ત્ર પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં ખાંભા શહેરના જુના ગામ વિસ્તારના અંબેમાના મંદિરે મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના યુવાનો ઉપસ્થિત રહ્યા હતા અને માં અંબાની આરતી ઉતારી શાસ્ત્રોક વિધિ રીતે શસ્ત્ર પૂજન કર્યુ હતું અને સાથે વ્યસન મુક્તિનો પણ કાર્યક્રમ યોજયો હતો તેમાં ક્ષત્રિય સમાજના ઘણા યુવાનોએ વ્યસન મૂકયું હતું અને હવે કયારે અમે વ્યસન નહીં કરીએ એવી ખાતરી પણ આપી હતી.

### શ્રી મહાકાલ સેવા સમિતિ દ્વારા

## અમરેલીમાં આગામી શનિવારે 'રાધે કાન' ગોપી રાસનું આયોજન

### રાત્રિનાં ૯ કલાકે પંચવટી ફાર્મ ખાતે કાર્યક્રમ

અમરેલી, તા. ૧૬

અમરેલીમાં આગામી શનિવારે "રાધેકાન" ગોપી રાસનું આયોજન શ્રી મહાકાલ સેવા સમિતિ ધ્વારા આયોજન કરવામાં આવેલ છે.

રાત્રિનાં ૯ કલાકે યોજાનારા આ કાર્યક્રમમાં બામણાસા ગીર પ્રખ્યાત રાસ મંડળ ધ્વારા રાસ રજૂ કરવામાં આવશે. ભકતજનોને લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ છે.


॥ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી ॥



સ્વ. બીજલભાઈ માયાભાઈ વાઘ (મુખી)
સ્વ. તા. ૧૩-૧૦-૨૦૨૪ (ઉ.વ.૮૦) ગામ : કથીવદર

જીવન એવું જીવ્યા કે ભુલાય નહી, વિદાય એવી લીધી કે કદી વિસરાય નહી,
હસતો રાખી ચહેરો ધુપસળી જેવું જીવન જીવી ગયા,
આપનો પરોપકારી સ્વભાવ કદી ભુલાશે નહી,
શ્રી કૃષ્ણ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી.

વાઘ રાણીંગભાઈ બીજલભાઈ
વાઘ ભોળાભાઈ બીજલભાઈ
વાઘ મેરામણભાઈ માયાભાઈ
વાઘ માણસુરભાઈ મેરામણભાઈ
વાઘ પાતાભાઈ માયાભાઈ
વાઘ ભરતભાઈ પાતાભાઈ
વાઘ નિલેશભાઈ પાતાભાઈ
વાઘ પ્રકાશભાઈ પાતાભાઈ
વાઘ ભરતભાઈ મેરામણભાઈ

દર ગુરૂવારે સાંજે માણો
કેન્ડલ લાઈટ ડીનર
Avadh
Family Restaurant & Banquet Hall
Near Ram Enterprise, Market Yard Road, Amreli 82385 66066

## અમરેલી, બાબરા, ખાંભા, આંબરડી સહિતનાં વિસ્તારોમાં વરસાદ

# અમરેલી જિલ્લામાં કડાકા-ભડાકા સાથે દે ધનાધન

**દિવાળી ડોકીયા કરી રહી હોય ખેતીપાકો તૈયાર હોય તેવા સમયે ભારે વરસાદથી વ્યાપક પ્રમાણમાં નુકસાન**

**છેલ્લા એક અઠવાડીયાથી સતત કોઈને કોઈ વિસ્તારમાં ભારે વરસાદ વરસતા રોગચાળાનો ગંભીર ખતરો**

**દિવાળીનાં સમયે વેપારીઓ પણ દુકાન સજાવીને તૈયાર હોય વેપાર-ધંધાને પણ અસર**

**નબળા હાર્ટનાં વ્યક્તિઓ વીજળીનાં કડાકા ભડાકાથી ભયભીત બની જાય છે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા, સુભાષ સોલંકી-આંબરડી, ભાવિક કલસરિયા-ખાંભા

અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં છેલ્લા એક અઠવાડીયાથી વીજળીનાં કડાકા-ભડાકાસાથેવરસાદપડતાંલોહી પાણીએકકરીનેતૈયાર કરવામાંઆવેલ ખેતીપાકોનેવ્યાપકનુકસાનથઈરહ્યુંછે.

અમરેલી, બાબરા, ખાંભા, આંબરડી સહિતનાંવિસ્તારોમાંવરસાદથીચિંતાનો માહોલ ઉભો થયો છે.

અમરેલીમાં આજે ગણતરીની મિનિટોમાં વરસાદથી ઠેકઠેકાણે પાણી ભરાયા તો બાબરા, ખાંભા પંથકમાં પણ વરસાદથી ખેતીપાકોનેવ્યાપકનુકસાનથઈરહ્યુંછે. સતત ધાબડીયા વાતાવરણથી શરદી, ઉધરસ, તાવજેવાવાયરલરોગેપણઘેરો ઘાલ્યો છે.

**સાવરકુંડલા (આંબરડી)**

વરસાદની વિદાય વેળા એસાવરકુંડલા પંથક સહિત જિલ્લામાં મોટાભાગના વિસ્તારોમાં આજે બપોરે ભારે ઉકળાટ બાદ વાતાવરણમાં એકાએક પલટો આવતાં ધીમી ધારે વરસાદ શરૂ થયો હતો અને પવન ધીમી ગતિ સાથે વીજળીના ભયાનક કડકાઓ શરૂ થયા હતા. પૂરા ચોમાસામાં નહિ પરંતુ અગાઉ કયારેય સાંભળ્યા ન હોય તેવા ડરામણા દ્રશ્યો જોવા મળ્યા હતા. સતત ૧ કલાક સુધી થયેલા વીજળીના

અનુસંધાન પાના ૬ ઉપર

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી,
ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત
લીફટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
(નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ :- રસીકરણ કેન્દ્ર નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર
જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

www.headway.guru
9081241916
SUVARNA SAUBHAGYA UTSAV
અરે... વાહ...
૯,૯૯૯ થી ૯૯,૯૯૯
સુધીના કરોડોના ઈનામો!
હા, સાચું વાંચ્યું.
માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર કરોડોના ઈનામો.
તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.
ઓફર ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધી જ લાગુ.
મધુવન ગોલ્ડ આર્ટ
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી.
02792 - 222208, 94264 23006
madhuvangold.in

ખુબ ખુબ અભિનંદન સહ
હાર્દિક શુભેચ્છાઓ
શ્રી હસુભાઈ એન. પોપટ
ચેરમેનશ્રી : નાગરીક બેંક - બાબરા
બાબરા નાગરીક બેંકમાં લોહાણા સમાજનાં ગૌરવ એવા "શ્રી હસુભાઈ નંદલાલભાઈ પોપટ"ની ચેરમેન તરીકે બીનહરીફ અને સર્વાનુમતે વરણી થતાં ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ.... આપ સહકરી ક્ષેત્રે ખુબ પ્રગતિનાં સોપાન સર કરો તેવી મંગળ કામનાઓ સાથે ફરી શુભેચ્છાઓ..
: શુભેચ્છક :
જયેશભાઈ સેદાણી
ગીરીરાજ એમ્પોરીયમ
બાબરા-સુરત

Sheetal
We are HIRING!
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (MALE | FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
EXPORT EXECUTIVE
(GRADUATE) (MALE | FEMALE)
Ready to take your future career to new heights?
PLEASE SEND YOUR CV
APPLY NOW
+91 98750 88560
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.

NETRA CHIKITSA TRUST
NCT
WE ARE HIRING
JOIN OUR TEAM
Accountant
Qualification: B.com
2 years experience
Tally, Ms office
Female
VACANT
Send Here
7984691227
Time : 9 to 5
Nct Campus, Chittal Road, Amreli

LG Life's Good.
India ka Celebration
Celebrate this Navratri, by bringing home the joy and happiness with exciting offers on LG UHD TV.
LG UHD AI
CELEBRATION OFFERS
FIXED EMI ₹999/-* onword
0% DOWN PAYMENT
10% CASHBACK (Max upto ₹7500/-)
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી
મો.99747 72377

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)